| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૦૮/૨૦૨૧ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૩/૦૮/૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૪ ૧૧ ૦૯ |

**આંક – .......**

## <u>ફોર્મ – એ</u>

**<u>છોટાઉદેપુર જિલ્લાની સ્પેશીયલ પોક્સો કોર્ટ સમક્ષ, મુ. છોટાઉદેપુર</u>**

**[ચૂકાદાની તારીખ :– ૦૧/૦૮/૨૦૨૬]**

**[ સ્પેશીયલ કેસ નં. ૪૭/૨૦૨૧ (પોક્સો) ]**

**(એફ.આઈ.આર. ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન)**
**છોટાઉદેપુર પોલીસ સ્ટેશન,**
**એમ.કેસ નંબર–૦૨/૨૦૧૮**
**ગુન્હો :– ભારતીય દંડ સહિતાની કલમ–૩૬૩, ૩૬૬,૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨ ની કલમ–૪, ૬ મુજબ**
**પોલીસ સ્ટેશન :–છોટાઉદેપુર, તા.છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| સરકાર તરફે સરકારી વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી આર.એસ.પરમાર |
| આરોપી | **લાલજીભાઈ ઉર્ફે લટીયાભાઈ નટીયાભાઈ રાઠવા,**<br>ઉ.વ. :– ૩૮ વર્ષ, ધંધો :– મજુરી,<br>રહે. વિરપુર, ડામર ફળીયા,<br>તા.છોટાઉદેપુર, જી. છોટાઉદેપુર |
| આરોપી તરફે વિ.વ.શ્રી | વિ.વ.શ્રી. એસ.એમ. પઠાણ |

## <u>ફોર્મ – બી</u>

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૯/૧૨/૨૦૧૭ |
| ફરીયાદની તારીખ | ૧૮/૦૧/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૨૩/૦૮/૨૦૨૧ |

| | |
|---|---|
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૦૨/૦૨/૨૦૨૨ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૨૬/૧૦/૨૦૨૩ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૧/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | ૦૧/૦૮/૨૦૨૬ |

## આરોપીની વિગત :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવા માં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સી.આર. પી.સી.ની કલમ ૪૨૮ માં ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | લાલજીભાઇ ઉર્ફે લટીયાભાઇ નટીયાભાઇ રાઠવા | ૦૯/૦૩/૨૧ | ૧૦/૦૮/૨૩ | ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબ | કસુરવાર ઠરાવી સજા કરવામાં આવે છે. | આખરી હુકમ મુજબ | તા. ૦૯/૦૩/૨૧ થી તા. ૧૦/૦૮/૨૩ સુધી કાચા કામના કેદી તરીકે રહેલા છે. |

## <u>ફોર્મ –સી</u>
## <u>ફરીયાદ પક્ષના સાહેદોનું લીસ્ટ</u>

## <u>ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક પુરાવો :–</u>

| સાહેદ નંબર | આંક | નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૧ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| ૨ | ૨૪ | ભોગ બનનાર | ભોગ બનનાર |
| ૩ | ૨૬ | જયેશકુમાર બિપીનચંદ્ર ભટ્ટ | પંચ સાહેદ |
| ૪ | ૨૮ | મગનભાઇ રાવજીભાઇ નાયકા | પંચ સાહેદ |
| ૫ | ૩૦ | ડો.સતીષકુમાર જગદીશપ્રસાદ | મેડીકલ ઓફીસર |
| ૬ | ૩૪ | ડો.અનિલ સરદારસિંહ ધાકર | મેડીકલ ઓફીસર |
| ૭ | ૩૮ | ડો.મંડાર વિષ્ણુ સરાટે | ગાયનેકોલોજીસ્ટ |

| સાહેદ નંબર | આંક | નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૮ | ૪૦ | કીરીટકુમાર પ્રવિણકુમાર ગામેતી | તપાસ કરનાર અમલદાર |
| ૯ | ૪૧ | ચીરાગભાઈ કાંતીલાલ નિનામા | તપાસ કરનાર અમલદાર |
| ૧૦ | ૪૭ | ફાલ્ગુનભાઈ અરવિંદભાઈ ચૌધરી | તલાટી કમ મંત્રી–વિરપુર જુથ ગ્રામ પંચાયત |
| ૧૧ | ૪૯ | ભોગ બનનારની માતા | ભોગ બનનારની માતા |
| ૧૨ | ૫૦ | જીતેન્દ્રકુમાર કનુભાઈ પટેલ | તપાસ કરનાર અમલદાર |
| ૧૩ | ૫૭ | નિલેશભાઈ વિઠલભાઈ સુથાર | આચાર્ય શ્રી |

**<u>ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો :–</u>**

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૨૨ | ફરીયાદ |
| ૨ | ૨૫ | ભોગબનનારનું સી.આર.પી.સી.ની કલમ ૧૬૪ મુજબનું નિવેદન |
| ૩ | ૨૭ | ભોગબનનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૪ | ૩૧ | આરોપીના કેસ પેપર્સ |
| ૫ | ૩૨ | આરોપીના નમુનાની ચાદી |
| ૬ | ૩૩ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૭ | ૩૫ | ભોગબનનારના મેડીકલ કરવાની ચાદી |
| ૮ | ૩૬ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૯ | ૩૯ | ગાયનેકોલોજીસ્ટનાઓએ આપેલ ભોગબનનારનું સર્ટીફીકેટ |
| ૧૦ | ૪૨ | ભોગબનનારનું ૧૬૪ નું નિવેદન લેવા માટે કરેલ ચાદી |
| ૧૧ | ૪૩ | એફ.એસ.એલ. રવાનગી નોંધ |
| ૧૨ | ૪૪ | એફ.એસ.એલ. મુદામાલ સ્વીકાર્યાની પહોંચ |
| ૧૩ | ૪૫ | આરોપીની શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું |

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| | | પંચનામુ |
| ૧૪ | ૪૮ | ભોગબનનનારના જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ(ટેન્ટેટીવ આંક) |
| ૧૫ | ૫૧ | તપાસ સોંપ્યાનો હુકમ |
| ૧૬ | ૫૨ | ફરીયાદની તપાસ કરવા કરેલ હુકમની યાદી |
| ૧૭ | ૫૩ | એફ.એસ.એલ. મુદામાલ રવાનગી લેટર |
| ૧૮ | ૫૪ | એફ.એસ.એલ. મુદામાલ મળ્ય અંગેનો પત્ર |
| ૧૯ | ૫૫ | ફોર્વડીગ લેટર તથા એફ.એસ.એલ.રીપોર્ટ |
| ૨૦ | ૫૮ | રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ |
| ૨૧ | ૫૯ | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર |

**<u>-::ઠરાવ::-</u>**

**૧)** પ્રસ્તુત, આ કામના આરોપી વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ.કેસ નંબર-૦૨/૨૦૧૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા-૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબના ગુન્હાનું તહોમતનામું આ અદાલત ધ્વારા ફરમાવવામાં આવેલ છે.

**૨)** આ કેસમાં ભોગબનનાર બાળકીની ઓળખ છતી ન થાય તે માટે નામદાર સુપ્રીમકોર્ટે **સ્ટેટ ઓફ કર્ણાટકા વિરૂદ્ધ પુટ્ટા રાજા રીપોર્ટેડ ઈન એ. આઈ. આર. ૨૦૦૪ એસ.સી.-૪૩૩** માં આપેલ ચુકાદામાં ભોગબનનારનું નામ જજમેન્ટમાં દર્શાવવું નહી તેવું પ્રસ્થાપીત કરેલ હોવાથી તે સિધ્ધાંતને આધારે આ અદાલતે ભોગબનનારના નામનો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી અને તેણીને "ભોગબનનાર" તરીકે સંબોધાયેલ છે.

## ૩) ફરીયાદપક્ષના કેસની ટુકમાં વિગત એવી છે કે :–

આ કામના ફરીયાદીની સગીર ભોગ બનનારનાઓને આરોપી તા.૧૯/૧૨/૨૦૧૭ ના કલાક ૧૬/૦૦ વાગ્યાથી મોજે વિરપુર ગામેથી ભોગ બનનારને પટાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી રાજકોટ ખાતે લઈ જઈ, ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તી બળાત્કાર સંભોગ ઉગ્ર પ્રવેશ જાતીય પ્રવેશ હુમલો કરેલ તેમજ ફરીયાદી તથા સાહેદોને આ બાબતે પોલીસ ફરીયાદ કરશો તો  જાનથી મારી નાખીશ તેવી ધાકધમકીઓ આપી ગુનો કરી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓની વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા તેમની ફરીયાદ છે.

## ૪) પોલીસ તપાસની કાર્યવાહી :–

**૪.૧)** આ કામના ફરીયાદીએ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ.કેસ નંબર–૦૨/૨૦૧૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલો. તે મુજબ ગુનાની તપાસ દરમ્યાન આરોપી લાલજીભાઈ ઉર્ફે લટીયાભાઈ નટીયાભાઈ રાઠવાનાએ ભોગબનનાર મોજે વિરપુર ગામેથી ભોગ બનનારને પટાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી રાજકોટ ખાતે લઈ જઈ, ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તી બળાત્કાર સંભોગ ઉગ્ર પ્રવેશ જાતીય પ્રવેશ હુમલો કરેલ તેમજ ફરીયાદી તથા સાહેદોને આ બાબતે પોલીસ ફરીયાદ કરશો તો જાનથી મારી

નાખીશ તેવી ધાકધમકીઓ આપી ગુનો કરેલ હોવાનું ભોગબનનારે તેણીના નિવેદનમાં જણાવતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબની જરૂરી તપાસ હાથ ધરેલી. તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપી મળી આવતા આરોપીને સદર ગુનાના કામે અટક કરેલ, ભોગબનનારના નિવેદનમાં ભોગબનનાર સગીર વયની હોવાનું અને તેણીની સાથે અવારનવાર બળાત્કાર સંભોગ કરેલાની હકીકત તેઓની તપાસ દરમ્યાન ખુલતા આગળની તપાસ સી.પી.આઈ.શ્રી ને સોંપેલી. ત્યારબાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ ત્યારબાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આ ગુનાની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, આરોપીની શરીર સ્થીતીનું પંચનામું કરી તેના કપડા કબજે કરવામાં આવેલ, ભોગબનનારનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન લેવડાવેલ, બનાવ સમયે ભોગબનનાર તથા આરોપીએ પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ અને મેડિકલ સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ. ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. આરોપી અને ભોગબનનારની શારીરિક તપાસ કરાવી મેડીકલ ઓફીસરશ્રીએ આપેલ સેમ્પલ એફ. એસ. એલ.માં તપાસણી કરાવી તેનો એફ. એસ. એલ.નો રીપોર્ટ આવતાં તે કામમાં સામેલ રાખેલ. તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા મળી આવતાં ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની સ્પેશીયલ પોકસો અદાલતમાં દાખલ કરવામાં આવેલ અને **ત્યારબાદ સદર કેસને સ્પેશીયલ કેસ નં.૪૭/૨૦૨૧ (પોકસો) થી રજીસ્ટર કરવામાં આવેલ.**

**૪.૨)** નોંધ :– આરોપી હાલ જામીન ઉપર છે.

**૪.૩)** આરોપીને તેમની સામેના પોલીસ કેસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. તે અંગેની ખાત્રી કર્યા બાદ આરોપી પોતાના બચાવ માટે ખાનગી વકીલ કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે કે કેમ ? તેની ખરાઇ કર્યા બાદ આરોપીએ પોતાના બચાવ માટે ધર્માદા વકીલ રોકવામાં આવેલ છે.

**૪.૪)** મજકુર આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા બાળ જાતિય અપરાધ ધારા–૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબના ગુનાનું આંક–૦૮ થી તહોમતનામું ઘડી, વાંચી સંભળાવી, સમજાવી ફરમાવેલ અને આરોપીએ આંક–૦૯ થી આ ગુન્હો કબુલ ન હોવાનું જણાવી પોતાનો બચાવ કરવાનું પંસદ કરેલ છે.

**૪.૫)** ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૧ મુજબ ફરીયાદપક્ષ ના રજુ થયેલા તમામ પુરાવાઓ નોંધવામાં આવ્યા. આ કામે ફરીયાદપક્ષ તરફથી આંક–૬૦ થી પુરશીશ રજુ કરી ફરીયાદપક્ષ નો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

## ૫) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન :–

**૫.૧)** આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે પ્રશ્નોતરી સ્વરૂપે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેના બચાવમાં સાહેદ તપાસવા અંગે તેમજ સોગંદ ઉપર જુબાની આપવાની ના પાડેલ છે તથા આરોપીને ખોટી રીતે

સંડોવી દેવામાં આવેલ હોવાનું જણાવી ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

## ૬) દલીલો :–

**૬.૧)** આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

## ૬.૨) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો :–

આ કામે ફરીયાદપક્ષના કેસના સમર્થનમાં વિધ્વાન એ.પી.પી.શ્રી એ તેમની આંક–૭૧ ની લેખિત દલીલો મુજબ મૌખિક દલીલો કરી જણાવેલ છે કે, આ કામે ભોગબનનાર ૧૫ વર્ષ ૧૦ માસ, ૧૭ દિવસની ઉંમર એટલે કે, સગીર વયની ઉંમરના હતા જે હકીકતને આ કામે તપાસવામાં આવેલ ભોગબનનારના માતા–પિતા, ભોગબનનાર તથા આંક–૫૭ થી શ્રીશાંગો પટેલ ઉચ્ચતર બુનીયાદી વિધાલય, ઝોઝના આચાર્યની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, બનાવ સમયે ભોગબનનાર સગીર વયની હોવાની હકીકત તેમજ આરોપીએ ભોગ બનનારને પટાવી, ફોસલાવી, લલચાવી લગ્ન કરવાની લાલચ આપી પત્ની તરીકે રાખવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણમાંથી ભગાડી લઇ જઇ ભોગ બનનાર સાથે અવારનવાર જબરજસ્તીથી બળાત્કાર સંભોગ કરેલ તેમજ ફરીયાદી તથા સાહેદોને આ બાબતે પોલીસ ફરીયાદ કરશો તો જાનથી મારી નાખીશ તેવી ધાકધમકીઓ આપી હોવાની હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. તદઉપરાંત ભોગબનનાર સગીર વયની હોવાનું સાબીત થયેલ હોવાના કારણે ભોગ બનનારના ખુદના, ભોગ બનનારના માતા પિતાની તથા તલાટી કમ મંત્રી તથા આચાર્યશ્રીની જુબાની જોતાં ભોગ બનનાર સગીર વયની હોવા છતાં લઇ ગયેલ હોય તે હકીકત પુરવાર થાય છે અને તે અંગે બચાવપક્ષ દ્વારા કોઇ ખંડન કરવામાં આવેલ નથી,

જેથી તેને નહી માનવાને કોઇ કારણ નથી. વધુમાં એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ભોગ બનનારનો પુરાવો મહત્વનો છે અને તે માનવાલાયક છે. ભોગબનનારની જુબાની માનવાલાયક, વિશ્વસનીય અને સત્ય હકીકત જણાતી હોય અને તપાસની કસોટી ઉપર તે જુબાની ખરી પણ ઉતરતી હોય તો માત્ર એક જ સાહેદની જુબાનીને આધારે પણ આરોપીને જે તે કેસમાં તકસીરવાન ઠરાવી શકાય છે. સદર કામે ભોગબનનારની જુબાનીને તેના માતા–પિતા, તબીબશ્રીઓ તેમજ ત.ક.અમલદારશ્રી સંપૂર્ણ રીતે સમર્થન કરે છે. વધુમાં જોવામાં આવે તો, આ કામે આરોપીની વિરૂદ્ધ સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ હોય તેવા જે જે પુરાવાઓ અંગે તેનુ ધ્યાન દોરવામાં આવ્યુ છે તે તમામ અંગે તેને સી.આર.પી.સી.ની કલમ ૩૧૩ નીચેના નિવેદનમાં ખુલાસા કરવાનું ટાળેલ છે. આરોપીએ પોતાના અંગત નોલેજમાં હોય એવી હકીકતો અંગે પણ ચોકકસ ખુલાસા કરવાનું ટાળેલ છે. ફરીયાદી તેમજ અન્ય સાહેદોની જુબાની લેવામાં આવેલ છે, જેની લાંબી વિગતવારની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં આરોપીને ખોટી રીતે સંડોવી દેવાનું કારણ શું ? તે હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સિવાયની કોઇ બીજી હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઇ આ કામે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબીત કરવામાં સંપૂર્ણપણે સફળ રહેલ છે  અને તેનાથી વિરૂધ્ધનો કોઈ પુરાવો આરોપી ધ્વારા રેકર્ડ ઉપર લાવી શકેલ ના હોય રેકર્ડ ઉપરની તમામ હકીકતો જોતાં આરોપીએ ગંભીર પ્રકારનું કૃત્ય કરી, આ કામના આરોપીએ ભોગ બનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી ધાકધમકી આપી અપહરણ કરીને લઇ ગયેલ છે અને ત્યારબાદ અવારનવાર તેની સાથે તેની ઇચ્છા મરજી વિરૂધ્ધ બળાત્કાર જાતીય સંભોગ કરી જાતીય હુમલો કરેલ છે. આરોપીએ ગંભીર પ્રકારનું ગુનો કરેલ છે. સબળ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી

ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર આરોપી સામે તહોમતનામા મુજબનાં ગુના પુરવાર કરેલ છે અને આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામું પણ નિશંકપણે સાબીત કરેલ છે અને તેથી રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને કાયદાની જોગવાઈઓ મુજબ સખ્ત સજા કરવી જોઈએ તેમજ ભોગબનનારને વિકટીમ કોમ્પેનસેશન એકટની જોગવાઇ મુજબ મળવાપાત્ર લાભ આપવા સારૂ વિનંતી કરેલ છે.

## ૬.૩) બચાવપક્ષની દલીલો :-

આ કામે બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ તેઓની આંક-૭૩ મુજબની દલીલો કરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તેનો કેસ આરોપી વિરુદ્ધ નિશંકપણે સાબિત કરી શકેલ નથી. બનાવ સમયે ભોગબનનાર સગીર હતી જે અંગે તલાટી-કમ-મંત્રીશ્રીને આંક-૪૭ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે સને-૨૦૦૨ નું વિરપુર ગામનું રજીસ્ટર તેમની કચેરીમાં શોધખોળ કરતા મળી આવેલ નથી અને આમ, ભોગબનનારના જન્મના દાખલાની ઝેરોક્ષ નકલ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહીં. આમ, ફરિયાદપક્ષ ભોગબનનારના જન્મનો દાખલો પુરવાર કરવામાં સફળ રહેલ નથી. આમ પોક્સો એક્ટની જોગવાઈ અનુસાર ભોગબનનારની ઉમર સાબિત કરવી જોઈએ તે મુખ્ય જોગવાઈનો ભંગ થાય છે તેથી આ કેસમાં પોક્સો એક્ટ મુજબની ગુનો બની શકે નહિં. વધુમાં ભાગબનનારનું તબીબી પરીક્ષણ કરાવેલ છે તેમાં પણ કોઈ શારીરિક અંતરિક કે બાહ્ય ઈજાઓ નહિ હોવાનું તબીબી અધિકારીએ સ્પષ્ટ જણાવેલ છે તે સંજોગોમાં ભોગબનનાર પર કોઈ દબાણયુક્ત શારીરિક સબંધ રાખ્યો હોય તેવું પણ ફરીયાદીપક્ષ નિશંકપણે રીતે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં, ભોગબનનારના કહેવા મુજબ તેણીને તેણીના ગામથી છોટાઉદેપુર, વડોદરા, રાજકોટ વિગેરે

શહેરેમાં લઈ જવામાં આવી છે અને તે પણ પબ્લિક ટ્રાન્સપોર્ટશન જેમ કે બસમાં મુસાફરી કરવામાં આવે છે છતાં પણ તેણીએ કોઈને વાત કરી હોય તેવું બનેલ નથી. વધુમાં, તેની ઉલટતપાસમાં જણાવે છે કે તે વાત ખરી છે કે ત્રણ દિવસ અમે જે વાડીમાં રોકાયેલ તે વાડીના માલિક મને મળેલા પુરંતુ આ માલિકને બનાવ વિષે કોઈ વાત કરેલ નહિ જેથી બનાવ અંગે કારોબ્રેટીવ એવીડન્સ રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. વધુમાં, આંક–૩૪ થી ડૉ. અનિલ સરદારસિંહ ધાકરને તપાસવામાં આવ્યા છે તેમાં તેમણે ભોગબનનારને તબીબી ચકાસણી કરવા માટે મોકલવામાં આવ્યા તે જે દિવસે તબીબી ચકાસણી કરેલી અને હિસ્ટ્રી પુછતાં જે હિસ્ટ્રી સરતપાસમાં લખાવી છે તેવી કોઈ હિસ્ટ્રી તેમણે આપેલા તબીબી પ્રમાણપત્રમાં લખેલી નથી પરંતુ લાલજીભાઈ રાઠવા હેઝ ફીઝીકલ રીલેશનસીપ વિથ મિસ નર્મદાબેન રાઠવા ફોર થ્રી ડેઈઝ એવું લખેલ. આમ, તબીબી અધિકારીની જુબાની જોતા પણ ફરીયાદપક્ષ તેમનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં આરોપીએ ભોગબનનારને મારી નાખવાની ધમકી આપી હોય અને તે ધમકીની અસર તળે તેણીની લાંબો સમય મૌન રહી હોય તે જ ધમકી આપ્યાની વાત ખોટી કરી છે તેવું સ્પષ્ટ જણાઈ આવે છે તેણીની સરતપાસ જોઈએ તો પહેલા પાનાની છેલ્લી લીટીમાં જણાવે છે કે એટલે કે જબરજસ્તી કરેલી ત્યાં ભોગબનનાર ત્રણ દિવસ રહેલા ત્યારબાદ મને ધાક ધમકી આપેલી અને કોઈને કહેતી નહિં એમ કહી ઝોઝ મુકામે મુકી આવેલ. સામાન્ય રીતે કોઈપણ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારના ગુની જાહેરાત થાય તો તેની તરત નોંધ કરવામાં આવે છે અને પોક્સો એકટની જોગવાઈ મુજબ તેવા કેસમાં તો સામાન્ય અધિકારના ગુનાની જાહેરાત કરતા પણ વધુ તીવ્રતાથી ગુનો નોંધી તપાસ ચાલુ કરવાની હોય છે તેમ છતાં ફરીયાદી ફરીયાદ કરવા ગયા હોય તેવુ બનેલ નથી કારણ કે ઝોઝ કે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં આ ફરીયાદી ફરીયાદ આપવા ગયા

હોય તેવું બનેલ નથી પરંતુ ફરીયાદીએ તેની પત્નિ અને ભોગબનનાર સાથે મળી જઈ આરોપીને ખોટી રીતે ફસાવવા કેસ દાખલ કર્યો છે. આ કેસમાં કોઈપણ નિષ્પક્ષ સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા નથી કે તેવા કોઈને નામદાર કોર્ટમાં હાજર રાખી સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ નથી. ભાગબનનાર જે રીતે રાજકોટ મુકામે વાડીમાં રહેવાનું જણાવે છે તેવી વાડીના કોઈ માલિક કે કબજેદારના પણ પોલીસે નિવેદન લીધા નથી કે નામદાર કોર્ટમાં હાજર રાખી સોંગદ ઉપર જુબાની લેવામાં આવી નથી. પોક્સો એક્ટની કલમ ૨૯ જોઈએ તો આ કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી કારણ કે ફરિયાદપક્ષ ફરિયાદની તમામ હકીકતોને વ્યાજબી શંકા પરથી પ્રસ્થાપિત કરવામાં સફળ રહેલ નથી. જેથી, ફરીયાદી પક્ષનું કથન માનવા યોગ્ય નથી. આમ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની દલીલો કરેલ છે. તેમણે તેમની દલીલના સમર્થનમાં ચુકાદો રજુ કરેલ છે.

**૭) નિર્ણય માટેના મુદ્દાઓ :–**

**૭.૧) પોઈન્ટસ ફોર ડીટરમીનેશન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૫૪(૧)(બી) મુજબ :–**

**૭.૨)** પ્રસ્તુત, કામે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને તેમજ સરકાર પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલોને લક્ષમાં લેતા આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે એટલે કે, તારીખ ૧૯/૧૨/૨૦૧૭ ના રોજ ભોગબનનાર ૧૮ વર્ષ કરતા ઓછી ઉંમરના સગીર બાળક હતા ?

૨) શું ફરીયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે કે,આ કામના ફરીયાદીની ભોગ બનનાર દિકરીને આરોપી લાલજીભાઇ ઉર્ફે લટીયાભાઇ નટીયાભાઇ રાઠવાના ઓએ તા.૧૯/૧૨/૨૦૧૭ ના કલાક ૧૬–૦૦ થી મોજે વિરપુર ગામેથી ભોગ બનનારને પટાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી રાજકોટ ખાતે લઇ જઇ, ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તી બળાત્કાર સંભોગ ઉગ્ર પ્રવેશ જાતીય પ્રવેશ હુમલો કરેલ તેમજ ફરીયાદી તથા સાહેદોને આ બાબતે પોલીસ ફરીયાદ કરશો તો જાનથી મારી નાખીશ તેવી ધાકધમકીઓ આપી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં ભોગબનનાર સાથે તહોમતદારે ઉપર જણાવ્યા મુજબનું કૃત્ય આચરી ગંભીર જાતીય પ્રવેશાત્મક ગુન્હો આચરી **ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨ ની કલમ–૦૪, ૦૬** મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૪) શું હુકમ ?

## ૭.૩) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ આપુ છું.

| નિર્ણયો |
|---|

૧. હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

## ૮) ઉપરોકત નિર્ણયો માટેના મારા કાણરો નીચે પ્રમાણે છે.

| :: કા ર ણો :: |
|---|

## ૯) <u>મુદ્દા નંબર– ૦૧:-</u>

**૯.૧)** અત્રે સૌ પ્રથમ એ સવાલ ઉપસ્થિત થાય છે કે શું આ ગુનાના ભોગબનનાર પોક્સો એક્ટની કલમ–૦૨(ડી) મુજબ ૧૮ વર્ષથી ઓછી વયના હોય તેણીનો સમાવેશ બાળકની વ્યાખ્યામાં થાય છે ? તે બાબતે આ કામે **આંક–૪૭ થી ફાલ્ગુનભાઈ અરવિંદભાઈ ચૌધરી, તલાટી કમ મંત્રી–વિરપુર જુથ ગ્રામ પંચાયત (સાહેદ નં. ૧૦ ) ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજ તેઓની ફરજ પર તલાટી કમ મંત્રી તરીકે જોડાયેલ છુ અને વિરપુર તેઓ સૌપ્રથમ નોકરીનું સ્થળ છે. તેઓ તલાટી તરીકેની કામગીરીમાં લગામી, ગુડા, ખીડવાણીય અને વિરપુર જૂથ ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. જેમાં તેઓની કામગીરીના ભાગ રૂપે જન્મ–મરણન દાખલાની નોંધણી, વારસાઈ, પેઢીનામાં, આવક–જાતિના દાખલા કાઢી આપવા વિગેરે પ્રકારની કવાગીરી કરવાની હોય છે. તેઓને આજ રોજ વાંધા સાથે દાખલ થયેલ જન્મનો દાખલો બતાવતા તે તેઓની વિરપુર ગ્રામપંચાયતમાંથી ઈસ્યુ કરવામાં આવેલ છે અને તેમાં ઈસ્યુ કરનાર

પ્લાટી કનુભાઈ તડવીનાઓની સહી છે. **તે સિવાય ભીગબનનારનું નામ, તેના માતા પિતાનું નામ, જન્મની તારીખ, જન્મનું સ્થળ વિગેરે વિગત દર્શાવેલી છે. સંદરહુ જન્મના પ્રમાણપત્રની વિગતની નોંધણી જે તે સમયના જન્મ મરણ રજીસ્ટરમાં થયેલ છે કે કેમ ? તે બાબતે રજીસ્ટરની તપાસ કરતા તે સમયગાળાનું રજીસ્ટર અમારી કચેરીમાંથી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી. ઉક્ત બાબતે વધુ તપાસ કરવા અમારા ધ્યાન પર આવેલ કે સને ૨૦૦૨નું વિરપુર ગામનું રજીસ્ટર તથા ૨૦૦૪ થી ૨૦૧૩ સુધીના તમામ એટલે કે લગામી, ગુડા, ખોડવાણીયા અને વિરપુરના રજીસ્ટર ઉપલબ્ધ નથી ઉકત સમયગાળાનું રેકર્ડ મળી ન આવતું (મીસીંગ) હોવા બાબતે તેઓની અગાઉના છેલ્લા દશ વર્ષના સમયગાળા દરમ્યાનના કોઈપણ પુરોગામી તલાટી કમ મંત્રીશ્રી એ તેઓની વડી કચેરીમાં કોઈ પણ પ્રકારનો રીપોર્ટ કર્યો હોય તેવું તેઓના ધ્યાન પર આવેલ નથી અને ઉકત બાબતે તેઓએ પણ ફરજ ઉપર જોડાયા બાદ આજદિન સુધી કોઈપણ પ્રકારનો રીપોર્ટ કરેલ નથી.** જન્મના પ્રમાણ પત્રની ઝેરોક્ષ નકલના આધાર પુરાવાનું નોંધણી રજીસ્ટર ન હોવાના કરાણે તથા **પ્રમાણપત્રમાં પુરતી વિગતો ન હોવાના કારણે આરોપીના વિ.વ.શ્રીને પાકો આંક આપવા સામે વાંધો હોય તેઓનો વાંધો ગ્રાહ્ય રાખી હાલ પુરતો સદરહુ પ્રમાણ પત્રને ટેન્ટેટીવ આંક – ૪૮ આપવામાં આવે છે.**

૯.૨) બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. **ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઝેરોક્ષ નકલ રજુ થઈ છે તેને પ્રમાણિત કરવા માટે તેઓ પાસે કોઈ અસલ દસ્તાવેજો નથી.**

૯.૩) વધુમાં આ કામે **આંક–૫૭ થી નિલેશભાઈ વિઠ્ઠલભાઈ સુથાર, આચાર્ય શ્રી શાંગો પટેલ ઉચ્ચત્તર બુનીયાદી વિધાલય, ઝોઝ**

**(સાહેદ નં. ૧૩ ) ને** તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેઓ તા.૧૮/૦૨/૨૦૨૫ થી શ્રીશાંગો પટેલ ઉચ્ચતર ઉત્તર બુનીયાદી વિદ્યાલય, ઝોઝના આચાર્ય તરીકેની ફરજ બજાવું છું. તેઓની ફરજમાં વિદ્યાથી દાખલ થાય કે વિદ્યાર્થી શાળા કોઈ અન્ય શાળામાં દાખલ થવા જાય ત્યારે તેનું રજીસ્ટર નિભાવવાની પણ કાર્યવાહી કરવાની હોય છે. તેઓને આજ રોજ કોર્ટનું સમન્સ બજતા તેઓ તેઓની શાળાનું જનરલ રજીસ્ટર હાઈ નામદાર કોર્ટમા આવેલ છું. **તેઓને સમન્સમાં જાહેર કર્યા મુજબ તેઓ રજીસ્ટર લઈને આવેલ હોય અને તે રજીસ્ટર જોઈને જણાવું છુ કે તેના અનુક્રમ નંબર (જી આર નંબર) – ૪૯૭૪ જોઈને જણાવું છુ કે તેમાં વિધાર્થીનું પુરેપુરુ નામના કોલમમાં રાઠવા. ભોગબનનાર તે અબુભાઈનીની દીકરી, વર્ગ–જાતિનાં કોલમમાં હિન્દુ રાઠવા, જન્મભુમી ગામ જિલ્લાના કોલમમાં મું.વિરપુર, તા છોટાઉદેપુર, જિ.વડોદરા, જન્મ તારીખ આંકડા અને શબ્દોના કોલમમાં – ૦૨/૦૨/૨૦૦૨ બીજી ફેબ્રુઆરી બે હજાર બે, પુર્વ શાળાના કોલમમાં –વિરપુર પ્રા. શાળા, તારીખના કોલમમાં – ૬/૬/૨૦૧૬ ના રોજ પ્રવેશ આપવામાં આવેલ,** ધોરણ વર્ગના કોલમમાં ધોરણ–૯(અ), અભ્યાસના કોલમમાં–સારો, વતણુંકના કોલમમાં–સારી, શાળા છોડયાની તારીખનાં કોલમમાં– ૩૧/૦૫/૨૦૧૮, શાળા છોડયાનું કારણ – એસ.એસ.સી. બોર્ડની પરીક્ષા આપવાના કારણે અને નીચે કોલમમાં. તેઓની શાળાના પૂર્વ આચાર્ય ભગવાનસિંહ ઉદયસિંહ સોલંકની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. **જે રજીસ્ટરના ઉતારા ઉપરથી ભોગબનનારનો શાળા છોડયાનો દાખલો આપવામાં આવેલ છે. તેઓ આજ રોજ તેઓની સાથે લાવેલ જી.આર રજીસ્ટરના ઉતારાની ઝેરોક્ષ નકલ તથા શાળા છોડયાના પ્રમાણ પત્રની કાર્બન કોપીની ઝેરોક્ષ કોપી તથા ભોગબનનારની જન્મ તારીખની વિગત તથા શાળા છોડયા તારીખની વિગત જે તેઓની શાળાના જનરલ**

**રજીસ્ટરમાં દર્શાવેલ છે તે વિગત સાચી હોવા બાબતનું પ્રમાણ પત્ર સ્વ-પ્રમાણિત રજુ કરુ છુ. સદર રજીસ્ટરનાં ઉતારાની ઝેરોક્ષ નકલ, શાળા છોડયાના પ્રમાણ પત્રની કાર્બન કોપીની ઝેરોક્ષ નકલ, તથા વિગતો સાચી હોવાના પ્રમાણ પત્રને પુરાવામાં સંયુકત રજુ દાખલ આંક-૫૮ આપવામાં આવે છે.**

૯.૪) બચાવપક્ષના વિદ્ગાન વકીલશ્રી દ્ગારા સદર સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. **ઉલટતપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર તેઓની શાળામાં દાખલ થઈ તે પહેલા અગાઉ પણ હોઈ શાળામાં અભ્યાસ કરીને આવેલ હતી.** એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની શાળામાં ભોગબનનાર દાખલ થઈ ત્યારે અગાઉની શાળા વિરપુર પ્રાથમિક શાળાના પ્રમાણ પત્રના આધારે તેની જન્મ તારીખની વિગત નોંધેલ હતી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ અગાઉની શાળામાં ભોગબનનારને દાખલ કરતી વખતે તેણીની જન્મ તારીખ કયા આધારે લખવામાં આવેલ છે તે તેઓ કહી શકે નહીં. **તેઓ આજ રોજ તેઓની સાથે ભોગબનનાર જે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરીને તેઓની શાળામાં આવેલ હતી. તે વિરપુર પ્રાથમિક શાળાના પ્રમાણ પત્રની સ્વ-પ્રમાણિત નકલ લાવેલ જે નામદાર કોર્ટમાં રજૂ કરેલ. જેને આંક-૫૯ થી રજુ છે.** એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનારે તેઓની શાળામાં અભ્યાસ કરેલ નથી છતાં ઉપરોકત દસ્તાવેજી પુરાવા ખોટા ઉભા કરી ખોટા રજૂ કરેલ છે.

૯.૫) સદર કામે **ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર (ટેન્ટેટીવ આંક-૪૮) વંચાણે લેતા તેમાં ભોગબનનારની જન્મ તા.૦૨/૦૨/૨૦૦૨ ના રોજની દર્શાવેલ છે,** જે અંગે તલાટી-કમ-મંત્રીશ્રીને તપાસવામાં આવેલ છે અને સદર સાહેદની

જુબાનીનું મુલ્યાંકન અને અર્થઘટન કરતાં સબબ કામે તલાટી–કમ–મંત્રીશ્રીની જુબાનીમાં ભોગબનનારના જન્મનો દાખલા અંગે તેઓની પાસે જે તે સમયગાળના એટલે કે સને–૨૦૦૨ ના વિરપુરના રજીસ્ટર મળી આવતા ન હોય ભોગબનનારના જન્મના દાખલાને જે તે વખતે ટેન્ટેટીવ આંક–૪૮ આપવામાં આવેલ છે. ત્યારબાદ, **ફરિયાદપક્ષે શ્રી શાંગો પટેલ ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલયના આચાર્યશ્રીને આંક–૫૭ થી તપાસેલા છે અને તેઓએ તેમની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૦૨/૦૨/૨૦૦૨ તેમના સ્કુલના જનરલ રજીસ્ટર પ્રમાણે જણાવેલ છે,** જે સ્કુલના જનરલ રજીસ્ટરની કોપી આંક–૫૮ થી આ કામે રજુ થયેલ છે તેમજ બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન ભોગબનનાર જે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ હતો તે અંગેનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આંક–૫૯ થી રજુ કરેલ છે. આમ, ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર તેમજ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અને તેની સાથે રજુ થયેલ શાળાના જનરલ રજીસ્ટરનો ઉતારો વંચાણે લેતા આ કામના ભોગબનનારની જન્મ તા.૦૨–૦૨–૨૦૦૨ના રોજ થયેલ છે. ફરિયાદપક્ષે રજુ કરેલા મૌખીક તથા દસ્તાવેજી આધાર પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, ભોગબનનારની જન્મ તા.૦૨–૦૨–૨૦૦૨ની છે અને બનાવ તા.૧૯–૧૨–૨૦૧૭ના રોજ બન્યો છે અને અને આમ, બનાવના દિવસે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની હતી, જે હકીકતને ચોક્કસ કોઇ પુરાવો રજુ કરીને આરોપીપક્ષે પડકારવામાં આવેલ નથી ત્યારે કૉર્ટ દ્વારા અમુક હકીકત અંગે કે અમુક કાર્ય અંગે "Due course " મુજબ થાય છે તેવું અનુમાન કરવાનું હોય છે જેથી આરોપી તરફે જો આ હકીકતને પડકારવાની હોય તો તેમણે તે અંગે ચોક્કસ વિરૂધ્ધનો પુરાવો રજુ કરવો જોઇએ કે હાલના કેસમાં ભોગબનનારની જન્મ તારીખ ખોટી લખવામાં આવેલ છે. તે બાબતનો કોઇ વિરૂદ્ધનો પુરાવો આરોપી તરફે રજુ કરવામાં આવેલ

નથી. આમ ભોગબનનારની પબ્લીક રેકર્ડ (શાળા છોડ્યાનો દાખલા) મુજબ જન્મ તા.૦૨–૦૨–૨૦૦૨ ના રોજની હોવાનું ફલીત થાય છે.

૯.૬) આ તબક્કે **સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરૂદ્ધ અનુપસિંગ રીપોર્ટેડ ઇન (૨૦૧૫)૭ સુપ્રીમ કૉર્ટ કેસીસ નંબર–૭૭૩**નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રીમ કૉર્ટે એવું ઓબ્ઝર્વેશન કરેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારની ઉંમર નિર્ણત કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓડ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ની જોગવાઇ ધ્યાને લેવાની રહે છે. વધુમાં **નામદાર સુપ્રીમ કૉર્ટે મહાડીઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર રીપોર્ટેડ ઇન ૨૦૧૩ (૧૪) એસ.સી.સી. પાના નંબર–૬૩૭** ના કેસમાં આપેલ ચુકાદામાં તેમજ **જર્નેલસીંગ વિરૂદ્ધ સ્ટેટ ઓફ હરીયાણા રીપોર્ટેડ અન ૨૦૧૩ (૭) એસ. સી. સી. પેજ નંબર–૨૬૩** ના કેસમાં આપેલ ચુકાદામાં પણ એવું ઠરાવેલ છે કે, બળાત્કારના કેસમાં ભોગબનનારી ઉંમર નક્કી કરવા માટે જુવેનાઇલ જસ્ટીટ (કેર એન્ડ ચીલ્ડ્રન રૂલ્સ–૨૦૦૭ના નિયમ–૧૨(૩)ની જોગવાઇ લાગુ પડે અને ફક્ત રૂલમાં જણાવેલ દસ્તાવેજી પુરાવાની ગેરહાજરીમાં મેડિકલ ઓપીનીયન ધ્યાને લઇ શકાય, જેથી ભોગબનનારની ઉંમર નક્કી કરવા માટે **જુવેનાઇલ જસ્ટીસ ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) રૂલ્સ ૨૦૦૭ ના નિયમ–૧૨(૩)** ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

"12(3) In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining-

(a) (i) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a

play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(b) an only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her age on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be , record a finding in respect of his age and either of the evidence specified in any or the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.”

૯.૭) આ તબક્કે નવા સુધારેલ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ) એક્ટ ૨૦૧૫ ની કલમ–૯૪ રીફર કરવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

94. Presumption and determination of age:-

(1) Where, it is obvious to the Committee or Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 of section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be shall undertake the process of age determination by seeking evidence by obtaining.

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the

concerned examining Board, if available, and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board; Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

૯.૮) આમ, જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટ ૨૦૦૫ની કલમ-૯૪ ની જોગવાઇ મુજબ પ્રથમ સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીક્યુલેશનની સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ જો ઉપલબ્ઘ હોય તો તે ઘ્યાને લેવાનું રહે. પરંતુ સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રિક્યુલેશન સર્ટીફીકેટ કે તેની સમકક્ષ સર્ટીફીકેટ ઉપલબ્ધ ન હોય તો કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત દ્વારા જન્મનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય તો તે ઘ્યાને લેવાનું રહે છે. પરંતુ કલોઝ (iii) મુજબ (i) અને કલોઝ (ii) માં જણાવેલ દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઉંમર ઓસીફિકેશન ટેસ્ટ કે મેડિકલ તપાસથી ઉંમર નક્કી કરવાની રહે છે.

૯.૯) ઉપરોક્ત ચુકાદાઓ અને જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન) એક્ટ ૨૦૧૫ ની કલમ-૯૪ સંદર્ભે આ કેસમાં રજુ થયેલ પુરાવાની ચર્ચા કર્યા મુજબ **આંક-૫૭ થી નિલેશભાઇ વિઠલભાઈ સુથાર,આચાર્યની જુબાનીમાં જન્મ તા.૦૨-૦૨-૨૦૦૭ ની હોવાનું જણાવેલ છે. તેમજ આંક-૫૮, આંક-૫૯ થી રજુ થયેલ સ્કુલનો જનરલ રજીસ્ટરનો ઉતારો અને તેની સાથે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર વંચાણે લેતા ભોગબનનારની જન્મ તા.૦૨/૦૨/૨૦૦૨**

**ના** રોજની છે. આમ, બનાવ સમયે ભોગબનનાર ની ઉંમર ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની ઉંમરના હોવાનું ફલીત થાય છે.

**૯.૧૦)** આ તબક્કે જાતીય ગુનાઓ સામે રક્ષણ અપાવતા અધિનિયમની કલમ–૦૨(ડી) રીફર કરવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

**કલમ–૦૨(ડી)** "બાળક" એટલે કે, ૧૮ વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી વ્યક્તિ.

**૯.૧૧)** આમ, જાતીય ગુનાઓ સામે બાળકને રક્ષણ અપાવતા અધિનિયમ –૦૨(ડી) જોતાં અને ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં ઓછી હોય ભોગબનનારની સમાવેશ બાળકની વ્યાખ્યામાં થાય છે. આમ, ઉપરોક્ત હકીકતો અને સંજોગો ધ્યને લેતાં બનાવ બન્યાનો સમયગાળો અને ભોગબનનાર ની જન્મ તારીખ ધ્યાને લઈએ તો બનાવ સમયે ભોગબનનાર સગીર વયના એટલે કે, ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની ઉંમરના હોવાનું ફરિયાદપક્ષ દ્વારા પુરવાર કરેલ છે. આમ, ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે કે બનાવ સમયે ભોગબનનાર બાળક હતા. **<u>જેથી મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય "હકારમાં" આપવામાં આવે છે.</u>**

**૧૦) <u>મુદ્દા નંબર–૦૨ અને મુદ્દા નંબર–૦૩–</u>**

**૧૦.૧)** ઉપરોક્ત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવા સારૂ બંન્ને મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**૧૧) <u>ફરીયાદી/ભોગ બનનારના પિતાનો પુરાવો :–</u>**

**૧૧.૧)** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક–૨૧ થી ફરીયાદી/ભોગ બનનારના પિતા (સાહેદ નં.૧)** ને તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેમણે જણાવેલ છે કે, તેઓ ઉપર બતાવેલ

સરનામે રહે છે અને તેઓ પરીવારમાં તેઓ, તેઓની પત્ની સુકલીબેન તથા તેઓના ત્રણ સતાનો છે. જેમ સૌથી મોટો રાજુ, તેના પછી ભોગબનનાર દીકરી અને તેના પછી પુત્ર હરેશ છે. **બનાવ વખત તેઓની ભોગબનનાર દીકરી ધોરણ-૧૦ માં ભણતી હતી. તેઓની ભોગબનનાર દીકરીની જન્મ તારીખ તેઓને હાલ યાદ નથી. તેઓની ભોગબનનાર દીકરીની ઉંમર ૧૫ વર્ષની હતી. બનાવ બન્યાને આશરે પાંચ વર્ષ જેટલો સમય થયેલો છે.** બનાવ વખતે તેઓ, તેઓની પત્ની અને તેઓના બંને છોકરા તેઓના ઘરે હાજર હતા. **બનાવમાં આરોપી લાલજી લટીયાભાઈનાઓ તેઓની ભોગબનનાર દીકરીને તેઓના ઘરેથી લઈને નાસી ગયેલો આરોપી તેઓની ભોગબનનાર દીકરીને લઈને ભાગી ગયો ત્યારે તેઓ ઘરે હાજર ન હતા.** ત્યાર બાદ તેઓએ ફળીયામાં તથા ગામમાં તેઓની ભોગબનનાર દીકરીની તપાસ કરેલી પરંતુ તે મળી આવેલ નહી ત્યાર પછી તેઓને જાણવા મળેલ કે લાલજી લટીયાનાઓ ભોગબનનારને લઈ ગયેલ છે જેથી તેઓ બીજે દિવસે તેના ઘરે તપાસ કરેલી તો લાલજી લટીયા ઘરે હાજર ન હતો પરંતુ તેની પત્ની હાજર હતી અને તેને પૂછતા તેણીએ જણાવેલ કે ગઈ કાલનો તેનો પતિ(લાલજી લટીયા) કયાંક ગયેલા છે અને આવેલ નથી. **ત્યાર બાદ બે ત્રણ દિવસ બાદ તેઓની ભોગબનનાર દીકરી જાતે તેઓના ઘરે પરત આવેલી અને તેઅએ તેણીને પૂછતા તેણીએ જણાવેલ કે લાલજી લટીયાનાઓ મને મજૂરી કરવાના બહાને રાજકોટ બાજુ લઈ ગયેલો અને ત્યાં તેઓની સાથે બળાત્કાર કરેલો. ત્યાર બાદ તેઓએ બનાવ સંબંધે ફરીયાદ આપવા માટે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ગયેલા પરંતુ ત્યાં તેઓની ફરીયાદ પોલીસે લીધેલ ન હતી. જેથી તેઓએ નામદાર કોર્ટમાં આવીને તેઓની ફરીયાદ આપેલી, તેઓને કોર્ટ રેકર્ડમાંથી અસલ ખાનગી ફરીયાદ બતાવતા તેઓએ દાખલ કરેલી અને તેમાં જે સહી છે જે તેજ છે જે તેઓએ કરેલી. સદર ફરીયાદને આંક-૨૨ થી રજુ છે.** ફરીયાદ સાથે

તેઓએ ભોગબનનાર દીકરીના ઉમર સંબંધિત કોઈ કાગળ કે કોઈ દાખલો આપેલ નથી. આરોપી તેઓના કોટુંબિક કાકા થતા હોવાથી તેઓ તેમને ઓળખે છે જે આજ રોજ કોર્ટમાં હાજર છે.

**૧૧.૨)** આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં ફરીયાદી/ભોગ બનનારના પિતાએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની ભોગબનનાર દીકરીએ તેણીની સાથે આરોપીએ બળાત્કાર કરેલ નથી તેવું કહેલ નથી. તેઓની ભોગબનનાર દીકરી ભાગી ગયા પછી તેઓ ત્રીજા દિવસે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલો. તેઓ ફરીયાદ આપવા ગયો ત્યારે પોલીસ સ્ટેશનમાં જમાદાર, પી.એસ.આઈ અને બીજા અન્ય સ્ટાફના માણસો હાજર હતા પરંતુ તેઓ તેમના નામ જાણતા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશનમા લેખિત ફરીયાદ આપવા ગયેલો. પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપવા એક જ વખત ગયેલો. તેઓ કોર્ટમાં ફરીયાદ દાખલ કરવા એક જ વાર અઠવાડીયા પછી આવેલો. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ એક મહીના પછી ફરીયાદ આપવા કોર્ટમાં આવેલો. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેઓની સરતપાસમાં 'લાલજી લટીયા ઘરે હાજર ન હતો પરંતુ તેની પત્ની હાજર હતી અને તેને પૂછતા તેણીએ જણાવેલ કે ગઈ કાલનો તેનો પતિ(લાલજ લટીયા) કયાંક ગયેલ છે અને આવેલ નથી' જે હકીકત લખાવેલ છે એ તેઓની ફરીયાદમાં લખાવેલી નથી. ગોવિંદ ધનજીભાઈને તેઓ ઓળખે છે તે તેઓના કુટુંબી ભાઈ થાય છે. લાલજીને બીજા બે ભાઈઓ છે તેમના નામ નગીન અને કાંતી છે. કાંતી મરણ ગયેલ છે. કાંતી કેવી રીતે મરી ગયેલી તે ખબર નથી. એ વાતની તેઓને ખબર નથી કે કાંતી પંદર સત્તર વર્ષ પહેલા જુના બારીયા આગળ અકસ્માતમાં મરણ ગયેલ કે કેમ અને તેના વળતર માટે કેસ કરેલો અને તેમાં પંદર લાખ રૂપિયાની રકમ મળેલ કે કેમ. આ કાંતીની બેરીનું નામ કોકીલા છે અને તેને બે છોકરા છે તે બંને

છોકરાના નામ તેઓને ખબર નથી. આરોપી અને તેના ભાઈઓ તેઓના કૌટુંબી ભાઈઓ થાય છે. એ વાતની તેઓને ખબર નથી કે કાંતીની પત્ની કોકિલા ને ગોવિદે રાખેલી છે કે નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, કોકિલા ગોવિંદની જોડે રહે છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના ભાઈ નગીનના હાથ ખરાબ થઈ ગયેલા છે અને કામ કરી શકે તેમ નથી. એ વાનતો સ્વીકાર કરેલ છે કે, તેને છોકરા નથી. એ વાતની તેઓને ખબર નથી કે નગીનને છોકરા ન હોવાથી નગીનના ભાગની ખેતી કાંતીના છોકરા કરે છે ગોવિંદને પહેલી કે એક પાત્ની છે તેનું નામ તેઓને યાદ નથી. તેઓ નાનપણથી ગામમાં રહેતા નથી પરંતુ વડોદરા રહેતો હતો. તેઓ છેલ્લા પંદરેક વર્ષથી ગામમાં રહે છે. ગોવિંદ તેઓના ગામમાં આગળ પડતો માણસ છે. એ વાતની તેઓને ખબર નથી કે આરોપી અને ગોવિંદને ખેતી બાબતના ઝગડા ચાલે છે. એ વાતની તેઓને ખબર નથી કે કાંતીના અકસ્માતના નાણા મળ્યા તે આરોપીએ બેન્કમાં જમા કરાવવા કહેલું તે બાબતનો પણ ઝગડો ચાલતો હતો કે કેમ. એ વાતની તેઓને ખબર નથી કે કાંતી, નગીન, આરોપીની સંયુક્ત માલિકીની ખેતીની જમીન છે કે કેમ. **એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ગોવિંદના કહેવાથી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની ભોગનનાર દીકરી મજુરીએ જતી રહેલી અને અમે શોધવા ગયા પછી તે પરત આવી ગયેલો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, લાલજીને લઈ જતા તેઓએ જોયેલ નથી.** એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની ભોગબનનાર દીકરી બરાબર ભણતી ન હતી જેથી તેઓની પત્ની તેણીને ધમકાવતી હતી તેથી તેણીની ઘરેથી જતી રહેલી.

૧૧.૩) <u>ફરીયાદી/ભોગ બનનારના પિતાની જુબાનીનું મુલ્યાંકન :–</u>

આમ, સદરહું સાહેદ ભોગ બનનારના પિતા/ફરીયાદી છે. તેઓની જુબાનીનું મુલ્યાંકન કરીએ તો તેઓ બનાવ નજરે જોનાર સાહેદ

નથી. તેઓએ તેઓની સરતપાસમાં જણાવે છે કે, આરોપી લાલજી લટીયાભાઇનાઓ તેઓની ભોગબનનાર દીકરીને તેઓના ઘરેથી લઇને નાસી ગયેલો. આરોપી તેઓની દિકરીને લઇને ભાગી ગયો ત્યારે તેઓ ઘરે હાજર ન હતા. સદર સાહેદે તેની જુબાનીમાં જણાવેલ છે કે ત્રણ દીવસ બાદ ભોગબનનાર જાતે જ ઘરે પરત આવતા ભોગબનનારને પુછતા તેણીએ આરોપી તેણીને મજુરી કરવાના બહાને રાજકોટ લઈ ગયેલો અને ત્યાં ભોગબનનાર સાથે બળાત્કાર કરેલાની હકીકત જણાવેલ છે અને જેથી તેઓએ કોર્ટમાં જઇ આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપેલી. સદર સાહેદની લંબાણપૂર્વકની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે પરંતુ તેમાં ફરિયાદી/ભોગ બનનારના પિતા ફરીયાદની હકીકતને વળગી રહેલ છે અને તેને ખંડન કરતી હોઇ હકીકત આરોપી તરફે લાવી શકેલ નથી.

**૧૧.૪)** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૪૯ થી ભોગ બનનારની માતા (સાહેદ નં.૧૧)** ને તપાસવામાં આવેલ છે. તેમની જુબાની જોતાં તેમણે જણાવેલ છે કે, તેઓ ઉપર બતાવેલ સરનામે રહે છે અને તેઓ પરીવારમાં તેઓ, તેઓના પતિ તથા તેઓના ત્રણ સતાનો છે. જેમ સૌથી મોટો રાજુ, તેના પછી ભોગબનનાર દીકરી અને તેના પછી પુત્ર હરેશ છે. બનાવ વખત તેઓની ભોગબનનાર દીકરી ધોરણ-૧૦ માં ભણતી હતી. તેઓની ભોગબનનાર દીકરીની જન્મ તારીખ તેઓને હાલ યાદ નથી. બનાવ બન્યાને આશરે સાતેક વર્ષ જેટલો સમય થયેલો છે. બનાવ વખતે તેઓ, તેઓના પતિ અને તેઓના બંને છોકરા તેઓના ઘરે હાજર હતા. **બનાવમાં આરોપી લાલજી લટીયાભાઈનાઓ તેઓની ભોગબનનાર દીકરી ઝોઝ ભણવા જતી હતી ત્યાંથી લઈને નાસી ગયેલો તે અંગેની ફરીયાદ તેઓએ પોલીસ સ્ટેશનમાં આપવા ગયેલા પરંતુ પોલીસે ફરીયાદ ના લેતા તેઓના પતિએ કોર્ટમાં**

**ફરીયાદ આપેલી. ત્યાર બાદ તેઓની ભોગબનનાર દીકરીને ત્રણ દિવસ પછી લાલસીંગ લટીયા ઘરે આવીને મૂકી ગયેલો. ત્યાર બાદ તેઓની ભોગબનનાર દીકરીને પૂછતા તેણીએ જણાવેલ કે " તેઓને રાજકોટ બાજુ લઈ ગયેલો અને ત્યાં તેઓની સાથે બળાત્કાર કરેલો."** બનાવ સંબંધે પોલીસે તેઓની પૂછપરછ કરેલી. **આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે જેને તેઓ ઓળખી બતાવે છે.**

**૧૧.૫)** આરોપી તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં ભોગ બનનારની માતાએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની સરતપાસમાં બનાવમાં આરોપી લાલજી લટીયાભાઈનાઓ તેઓની ભોગબનનાર દીકરી ઝોઝ ભણાવા જતી હતી ત્યાથી લઈને નાસી ગયેલો એવી હકીકત લખાવેલ છે તે તેઓએ તેઓના પૉલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. પોલીસ તેઓનો જવાબ લેવા ફરીયાદ કર્યા અઠવાડીયા પછી આવેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓ વિરપુર રહેવા આવ્યા તે પહેલા તેઓ વડોદરા રહેતા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓની ભોગબનનાર દીકરીનો જન્મ વડોદરા થયેલો, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેની જન્મની નોંધણી વિરપુર મુકામ કરેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે વડોદરા ભોગબનનાર દીકરીનો જન્મ થયો તેના એક વર્ષ પછી છોટાઉદેપુર મુકામે જન્મની નોંધણી કરાવેલી. આ નોંધણી કરાવવા તેઓના પતિ ગયેલા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓના પતિએ નોંધણી કરાવતી વખતે ભોગબનનારની કઈ જન્મ તારીખ લખાયેલી તેની તેઓને ખબર નથી. તેઓ કોર્ટમાં ફરીયાદ કરવા આવ્યા તે વખતે ફરીયાદમાં તેઓએ અંગૂઠાનું નિશાન કરેલું અને તેઓના પતિએ સહી કરેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનાર ભણવામાં ધ્યાન આપતી ન હતી જેથી તેઓ તેને ઝગડતી હતી જેથી તેઓની ભોગબનનાર દીકરી તેઓ ગોવિંદના ઘરે લગ્નમાં ગયેલા ત્યાંથી જતી રહી હતી. એ વાતનો ઈન્કાર કરેલ

છે કે, તેઓની ભોગબનનાર દીકરીએ તેઓને કહેલ નથી કે તેઓ પર બળાત્કાર કરેલો. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, લાલજીભાઈ, કાન્તીભાઈ અને નગીનભાઈ એ ત્રાણ–ભાઈઓ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કાંતી એકસીડેન્ટમાં મરી ગયેલ હતો. એ વાતની તેઓને ખખર નથી કે કાંતીની બૈરી ગોવિંદ સાથે રહે છે. તેઓને એ વાતની તેઓને ખબર નથી કે ગોહિંદ અને કાંતીની બૈરી પતિ પત્ની તરીકે રહે છે. તેઓનું અને ગોવિંદનું ઘર કેટલું દુર છે તે તેઓ કહી શકે નહીં. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મરણ ગયેલ કાંતીના છોકરાને નગીન રાખે છે. એ વાતની તેઓને ખબર નથી કે કાંતીના અકસ્માતના પૈસા ગોવિંદે લઈ લીધા છે. એ વાતની તેઓને ખબર નથી કે ગોવિદ તેઓના ફળીયાનો આગેવાન છે કે કેમ? એ વાતની તેઓને ખબર નથી કે ગોવિંદ અને લાલજીને બનતુ નથી. એ વાતનો ઈન્કાર કરે છે કે, ગોવિંદના કહેવાથી ફરીયાદ કરેલ છે. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેઓ ખોટી જુબાની આપે છે.

## ૧૧.૬) <u>ભોગ બનનારના માતાની જુબાનીનું મુલ્યાંકન :–</u>

સદરહું સાહેદ ભોગ બનનારના માતા છે. તેણીની જુબાનીનું મુલ્યાંકન કરીએ તો તેણીએ બનાવ નજરે જોનાર સાહેદ નથી. તેણીએ તેણીની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપી લાલજી લટીયાભાઇનાઓ તેઓની ભોગબનનાર દીકરી ઝોઝ ભણવા જતી હતી ત્યાંથી લઇને નાસી ગયેલો. જેથી તેઓના પતિએ કોર્ટમાં જઇ આરોપી વિરૂદ્ધ ફરીયાદ આપેલી. સદર સાહેદની લંબાણપૂર્વકની ઉલટ તપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે પરંતુ તેમાં ભોગ બનનારની માતા ફરીયાદપક્ષના કેસની મહત્વની હકીકતોને વળગી રહેલ છે અને તેને ખંડન કરતી હોઇ હકીકત આરોપી તરફે લાવી શકેલ નથી.

## ૧૨) <u>ભોગ બનનારની જુબાની :–</u>

**૧૨.૧)** ત્યારબાદ, ફરીયાદપક્ષે **આંક–૧૪ (સાહેદ નં.૨) ભોગ બનનારને** તપાસેલ છે. ફરીયાદપક્ષનો કેસ મુખ્યત્વે ભોગબનનારની જુબાની પર નિર્ભર છે. આ સંજોગોમાં ભોગબનનારની જુબાની આધારીત આ કેસ હોઈ તેણીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં સરળતા રહે તેમજ ચુકાદો વાંચનારને પણ સમજવામાં અનુકુળતા રહે તે હેતુથી ભોગબનનારની જુબાની શબ્દસહ અત્રે ટાંકવી જરૂરી અને આવશ્યક જણાય છે. જે નીચે મુજબ છે.

"(૧) હું ઉપરોકત સરનામે મારા માતા–પિતા સાથે રહુ છુ. મારી જન્મ તા.૦૨/૦૨/૨૦૦૨ ના રોજ ની છે. મારો જન્મ મારા પિતાને ત્યાં વડોદરા મુકામે થયેલો. મેં ધોરણ–૧૦ સુધી શ્રી ઉચ્ચતર વિદ્યાલય, ઝોઝ ખાતે અભ્યાસ કરેલ છે. હું ધોરણ–૧૦માં નાપાસ થયેલ છુ. મારાથી મોટો એક ભાઈ અને નાનો એક ભાઈ છે.

(૨) બનાવ આશરે ચાર–પાંચ વર્ષ ઉપર બનેલો જેની તારીખ મને ખબર નથી. બનાવમાં મને લાલજીભાઈ લટીયાભાઈનાઓ મને પૈસા બહુ અપાવીશ તેમ કહી મજૂરીએ રાજકોટ મુકામે લઈ ગયો હતો. ત્યાં તેણે વાડીએ એક રૂમ રાખેલો અને એ રૂમમાં રાત્રીના સમયે ત્રણવાર ખોટુ કામ એટલે કે જબરજસ્તી કરેલી. જયાં અમે ત્રણ દિવસ રહેલા. ત્યાર બાદ મને ધાક ધમકી આપેલી અને કોઈને કહેતી નહીં તેમ કહી ઝોઝ મુકામે મૂકી આવેલ. મારા માતા પિતાએ તેના વિરુધ્ધ ફરીયાદ કરેલી મારા માતા પિતાની ફરીયાદ પોલીસે લીધેલ ન હોવાથી વકીલ રોકી કોર્ટમાં ફરીયાદ આપેલી. ફરીયાદ

આપ્યા બાદ પોલીસ મને શારીરીક ચકાસણી કરવા સારૂ સૌપ્રથમ છોટાઉદેપુર લઈ ગયેલ અને ત્યાર બાદ ત્યાંથી જબુગામ દવાખાને લઈ ગયેલ. પોલીસે મારા કપડા પણ કબજે કરેલા. મને નસવાડી કોર્ટમાં બેન હતા ત્યાં બાજુ પણ લઈ ગયેલા અને ત્યાં મારો જવાબ લીધેલો. તેઓને મે જે બનાવ બન્યો તો તેની હકીકતો લખાવેલી ત્યાં સાહેબે જવાબ લખી લીધેલો અને કેસેટ(સી.ડી.) પણ બનાવેલી અને પછી મને મોકલી આપેલી. મને તે કાગળ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. **મને પોલીસ પેપર્સમાંથી એક ખાખી કવર જેની ઉપર કોન્ફીડેન્શલ ૧૩/૨૦૧૯ એવુ લખેલ છે જે સીલ બંધ હાલતમાં હોઈ જેને કોર્ટ રૂબરૂ ખોલી બતાવતા તેમાંથી ફોર્વડીંગ લેટર સાથે સી.આર.પી.સી. ની કલમ ૧૬૪ નું નિવેદન નીકળેલ છે જે જોઈને કહુ છુ જેમાં મારી સહી છે જે તમામ કાગળોને સંયુકત રજૂ દાખલ આંક-૨૫ આપવામાં આવે છે.**

મેં પોલીસને જે કપડા આપેલા તેમાં ટોપ, લેંગી અને એક ચડ્ડી હતી જે મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. મને આજ રોજ કોર્ટ રૂબરૂ સીલ બંધ મુદ્દામાલમાંથી આર્ટીકલ 'એ' ખોલી બતાવતા તેમાંથી એક ટોપ નીકળેલ છે જે જોઈને કહુ છુ જે તેજ છે. આર્ટીકલ 'બી' ખોલી બતાવતા તેમાંથી એક લેંગી નીકળેલ છે જે જોઈને કહુ છુ જે તેજ છે. આ કપડા મેં પોલીસને આપેલા જે તેજ છે. આરોપીને હું ઓળખુ છુ જે આજ રોજ કોર્ટમાં હાજર છે તેજ છે.

**સરતપાસપુરી...**

**આરોપી તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એચ.બી.પુરોહિત**

(૩) એ વાત ખરી છે કે હું પોલીસ સ્ટેશનમાં મારા પિતા સાથે ફરીયાદ કરવા ગયેલી. એ વાત ખરી છે કે પોલીસવાળાઓને હું હોદ્દાથી ઓળખી શકુ નહીં. હું ઘરે પરત આવી તેજ દિવસે અમે ઝોઝ પો.સ્ટે. ફરીયાદ કરવા ગયેલા. હું ઘરે પરત કયારે આવેલી તેની તારીખ મને ખબર નથી. ઝોઝ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ ના લીધી તેના બીજા જ દિવસે છોટાઉદેપુર કોર્ટમાં ફરીયાદ કરવા આવેલા. એ વાત ખરી છે કે કોર્ટમાં ફરીયાદ કરવા હું મારા માતા પિતા સાથે આવેલી.અમે જે દિવસે કોર્ટમાં ફરીયાદ કરવા આવ્યા તે દિવસે મારી સાથે જે બનાવ બનેલો તેની ફરીયાદ મેં જ આપેલી.

સવાલ: તમારા પપ્પાએ ફરીયાદ આપેલી?

જવાબ: ના મેં જ ફરીયાદ આપેલી.

ફરીયાદ આપ્યા પછી કેટલા દિવસ પછી પોલીસવાળા મારી પૂછપરછ કરવા આવેલા તે મને યાદ નથી. મને પોલીસવાળા ફરીયાદ આપ્યા પછી દવાખાને કેટલા દિવસ પછી લઈ ગયા તેની મને ખબર નથી. નસવાડી કોર્ટમાં પણ કયારે લઈ ગયા તેની મને ખબર નથી. નસવાડી ગયા ત્યારે મારી સાથે મારી મમ્મી તથા પોલીસવાળા હતા. એ વાત ખરી નથી કે નસવાડી જવાબ આપવા ગયા ત્યારે મારી માતા જવાબ લખાવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું લખાવતી હતી. એ વાતની મને ખબર નથી કે મને દવાખાને કે નસાવાડી કોર્ટમાં લઈ ગયા તે પછી કે પહેલા પોલીસવાળા જવાબ લેવા આવેલા.

(૪) મેં ઝોઝ પોલીસ સ્ટેશન જોયેલુ છે અને મારા ગામથી આવતા સામેની બાજુ પોલીસ સ્ટેશન આવેલ છે. એ વાતની મને ખબર નથી કે હું વિરપુર થી ઝોઝ ગામે કેવી રીતે આવેલી. બનાવના દિવસે હું ઝોઝથી છોટાઉદેપુર એકલી આવેલી નહીં. છોટાઉદેપુર થી વડોદરા સરકારી બસમાં એકલા ગયેલા નહીં. વડોદરાથી રાજકોટ સરકારી બસમાં ગયેલા. એ વાત ખરી છે કે દરેક વખતે બસમાં બીજા અન્ય પેસેન્જરો બસમાં બેઠેલા હતા. એ વાત ખરી છે કે છોટાઉદેપુર તથા વડોદરામાં ઘણા બધા માણસો હતા. આ બાબતે મેં કોઈને કહેલુ નહીં કેમ કે મને ધાકધમકી આપેલી હતી. છોટાઉદેપુરથી વડોદરા બસમાં જતા બે અઢી કલાક થાય. હું બસમાંથી કેટલી વખત પેશાબ કરવા ઉતરેલી તેની મને ખબર નથી. વડોદરા-રાજકોટ પેશાબ પાણી કરવા ગયેલી કે નહીં તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે ત્રણ દિવસ અમે જે વાડીમાં અમે રોકાયેલા તે વાડીના માલીક મને મળેલા પરંતુ આ માલિકને બનાવ વિશે કોઈ વાત કરેલી નહીં.

(૫) મારા પિતાને એક ભાઈ છે જેમનું નામ મહેશભાઈ છે. અમારા ગામમાં રહેતા ગોવિંદભાઈ ધનજીભાઈ અમારા કોઈ સગા થતા નથી. એ વાત ખરી છે કે લાલજીનો એક ભાઈ નગીન અને બીજા ભાઈનું નામ કાંતી છે. મને એ વાતની ખબર નથી કે આ કાં તીભાઈ જૂના બારીયા એકસીડેન્ટમાં મરી ગયેલો અને તેની પત્નીને ગોવિંદે રાખેલી અને કાંતીના છોકરા તેના ભાઈ નગીન સાથે રહે છે અને નગીનથી ખેતી થતી નથી તેથી કાંતીના

છોકરા ખેતી કરી આપે છે. એ વાતની મને ખબર નથી કે કાંતીની જમીન ગોવિંદ ખેડે છે.

(૬) એ વાત ખરી છે કે મને લખતા વાંચતા આવડે છે. મને નીશાની–૨૩/૧ થી રજૂ થયેલ એક લખેલા પત્રની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે તેમાં જે સહી છે તે મારી નથી. એ વાત ખરી નથી કે મને નીશાની ૨૩/૧ નું જે લખાણ બતાવવામાં આવે છે તે મારા હસ્તાક્ષરમાં જાતે લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેં કોઈ ચિઠ્ઠી લખેલી નથી.

સવાલ:તમે નીશાની ૨૩/૧ વાળી ચિઠ્ઠી લખેલી અને તેમાં લાલજીને ખોટી રીતે ફસાવવા માટે ગામવાળાઓએ ચડાવેલ છે તેવો ઉલ્લેખ કરેલ છે?

જવાબ: ખોટી વાત છે મેં આવી કોઈ ચિઠ્ઠી લખેલી નથી.

એ વાત ખરી છે કે મને સમન્સ બજતા મારા મમ્મી પપ્પા મને લઈને આવેલા છે. એ વાત ખરી નથી કે હું ઘર કામ કરતી ન હતી અને ભણતી ન હતી તેથી મારા ઘરવાળા મને ઠપકો આપતા હતા. એ વાતની મને ખબર નથી કે બનાવના સમયમાં અમારા ગામમાં ગુલીયાભાઈના ઘરે લગ્ન હતુ અને છોકરાનું લગ્ન હોવાથી જાનમાં જવાનું હતુ અને એ જાન નવાગામ જવાની હતી. એ વાત ખરી નથી કે હું તે લગ્નમાં જાનમાં ગયેલી અને ત્યાંથી હું મજૂરી કરવા જતી રહેલી અને ત્યાંથી પરત આવી ત્યારે મારા ઘરવાળાએ મારી સાથે ઝગડો કરેલો અને મને ખખડાવેલી અને તેથી હું બીજી વખત મજૂરી કરવા જતી રહેલી.

**૧૨.૨) <u>ભોગ બનનારની જુબાનીનું મુલ્યાંકન :–</u>**

આમ, આરોપીએ ભોગબનનાર સાથે શારીરિક સંબંધ બાંધેલ હોવાની હકીકતને ભોગબનનારની જુબાનીથી પુરેપુરૂ સમર્થન મળે છે. તેમજ **અહીં એ વાત ચોક્કસ છે કે, આરોપી ભોગબનનારને ભગાડીને લઇ ગયેલ છે જે હકીકતનું કોઇ રીતે ખંડન થતું નથી તેથી વિપરીત બચાવપક્ષે પણ પરોક્ષ રીતે તે હકીકતનું સમર્થન કરેલ છે. વળી ઉલટતપાસની વિગતો ધ્યાને લઇએ તો તેમાં પણ આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધ્યો તે હકીકતનો ઇનકાર થયેલ નથી. વળી ભોગબનનારનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ અન્વેય નિવેદન નોંધવામાં આવેલ છે જે આ કામે આંક–૨૫ થી રજુ થયેલ છે. સદર નિવેદનમાં પણ ભોગબનનારે મહદઅંશે સરતપાસમાં જે વિગતો જણાવેલી છે તેવી જ વિગતો મેજીસ્ટ્રેટ સમક્ષ સોગંદ ઉપર જણાવેલી છે અને વિદ્વાન મેજીસ્ટ્રેટ સમક્ષના સદર નિવેદનમાં પણ આરોપી લાલજીએ ભોગ બનનારને વડોદરા અને ત્યાંથી રાજકોટ ગયેલા અને ત્યાં તેણી સાથે ત્રણ વાર બળાત્કાર કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ભોગ બનનારે મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ પોતાની હિસ્ટ્રી લખાવેલ છે કે, ''તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ લાલજીભાઇ નટીયાભાઇ રાઠવાનાએ ભોગબનનારને એવું કહીને રાજકોટ લઇ ગયા હતા કે, ત્યાં મજૂરી કરશે તો તેણીને વધારે પૈસા મળશે. ત્યાં રાજકોટ ખાતે આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુદ્ધ ત્રણથી ચાર વખત સંભોગ કરેલો હતો.'' સદરહું ભોગબનનાર તેણીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષની મહત્વની હકીકતોને વળગી રહેલ છે.** આમ, ભોગ બનનારે આરોપીએ જે કૃત્ય કરેલ છે તેને લગત સ્પષ્ટ પુરાવો આપેલ છે. આમ શરૂઆતથી અંત સુધી ભોગબનનારની જુબાનીમાં સાતત્ય અને નિરંતરતા માલુમ પડે છે. હાલના કિસ્સામાં બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ,

૧૦ માસ અને ૧૭ દિવસની હતી આ સંજોગોમાં ભોગબનનારના વાલીની સંમતી લીધા વિના ભોગબનનારને આરોપી પોતાની સાથે લઈ ગયેલ છે અને ભોગબનનાર સાથે અવારનવાર શરીર સંબંધ પણ બાંધેલ છે અને ભોગબનનારે પોતાની જુબાનીમાં તેનો સચોટ રીતે ઉલ્લેખ પણ કરેલ છે. આમ, સમગ્ર રીતે જોઇએ તો ભોગબનનારની એક માત્ર જુબાની આ બનાવને સાબીત કરવા માટે પુરતી વિશ્વસનીય અને આધારભુત જણાય છે.

## ૧૩) <u>પંચ સાહેદની જુબાની :-</u>

**૧૩.૧)** ફરિયાદ પક્ષે ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું સાબીત કરવા માટે **આંક-૨૬ થી પંચ સાહેદ, જયેશકુમાર બિપીનચંદ્ર ભટ્ટ (સાહેદ નં. ૦૩)**ને તપાસેલા છે. તેમની જુબાની જોતાં, તેઓને આજથી ત્રણેક વર્ષ પહેલા તેઓ તેઓના કામથી છોટાઉદેપુર આવેલ ત્યારે તેઓને છોટાઉદેપુર પોલીસના માણસો બજારમાં મળેલા અને તેઓને પોલીસ સ્ટેશને લઈ ગયેલ ત્યાર બાદ તેઓની એક લખેલા કાગળમાં પંચ નં.૨ તરીકે અંગુઠાનું નિશાન લીધેલ અને આ સમયે તેઓની સાથે મગનભાઈ રાવજીભાઈ નાયકાનાઓ પણ સાથે હતા. જે ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું બતાવવામાં આવે છે તેમા પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જેને સહી પુરતો પુરાવામાં આંક-૨૭ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. **તેઓને ભોગબનનારના કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.**

**૧૩.૨ )** કોર્ટ તરફે સદરહું પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનાર પોતાના કપડા રજૂ કરતા હોઈ તે કપડા જોતા એક કાળા જેવા કલરનો આછા વાદળી ફૂલભાતવાળો ટોપ તથા એક ગુલાબી કલરની લેંગી રજૂ કરતા હોઈ તે અલગ અલગ કાગળમાં વીટી અમારી સહી

લઈ અમારી રૂબરૂ સીલ કરી કબજે કરેલ તેમજ આરોપી તરફે પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ **એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓને તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ એ સિવાય બીજુ કઈ જાણતા નથી.**

**૧૩.૩ )**ફરિયાદ પક્ષે ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું સાબીત કરવા માટે **આંક-૨૮ થી પંચ સાહેદ, મગનભાઈ રાવજીભાઈ નાયકા (સાહેદ નં. ૦૪)**ને તપાસેલા છે. તેમની જુબાની જોતાં, તેઓને આજથી ત્રણેક વર્ષ પહેલા તેઓ તેઓના કામથી છોટા ઉદેપુર આવેલ ત્યારે તેઓને છોટાઉદેપુર પોલીસના માણસો બજારમાં મળેલા અને તેઓને પોલીસ સ્ટેશને લઈ ગયેલ ત્યાર બાદ તેઓની એક લખેલા કાગળમાં પચ ન. ૨ તરીકે અંગુઠાનું નિશાન લીધેલ અને આ સમયે તેઓની સાથે જયેશકુમાર બિપીનચંદ્ર ભટ્ટનાઓનાઓ પણ સાથે હતા. જે ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું બતાવવામાં આવે છે તેમા પંચ નં. ૨ તરીકે તેઓના અંગુઠાનું નિશાન છે જે તેઓ ઓળખી બતાવે છે જેને સહી પુરતો પુરાવામાં આંક-૨૭ થી રેકર્ડ પર લેવામાં આવેલ છે. **તેઓને ભોગબનનારના કપડા બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી.**

**૧૩.૪)** કોર્ટ તરફે સદરહું પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગબનનાર પોતાના કપડા રજૂ કરતા હોઈ તે કપડા જોતા એક કાળા જેવા કલરનો આછા વાદળી ફૂલભાતવાળો ટોપ તથા એક ગુલાબી કલરની લેંગી રજૂ કરતા હોઈ તે અલગ અલગ કાગળમાં વીટી અમારી સહી લઈ અમારી રૂબરૂ સીલ કરી કબજે કરેલ તેમજ **આરોપી તરફે પંચ**

**સાહેદની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓને તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ એ સિવાય બીજુ કઇ જાણતા નથી.**

**૧૩.૫) પંચ સાહેદની જુબાનીનું મૂલ્યાંકન :-**

સદરહું પંચ સાહેદોની જુબાની વંચાણે લેતા તેઓની રૂબરૂમાં ભોગબનનારના કપડા કબજે કર્યાનું કાર્યવાહી કરવામાં આવેલ છે તે હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓની પંચનામા તૈયાર લખેલા કાગળમાં અંગુઠો/સહી લીધેલ. તેમજ તેઓએ ભોગબનનારના કપડા ઓળખી શકેલ નથી. આમ, આંક-૨૭ વાળા ભોગદબનનારના કપડા કબજે કર્યાના પંચનામાની હકિકતોને સમર્થન મળતું નથી.

**૧૪) <u>મેડીકલ એવિડન્સઃ-</u>**

**૧૪.૧)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૩૦ થી ડો. સતીષકુમાર જગદીશપ્રસાદ, કે જેઓ મેડીકલ ઓફીસર છે.** તેણીએ તેણીની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૯/૦૩/૨૦૨૧ ના રોજ તેઓ છોટાઉદેપુર ખાતે જનરલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા. **તે વખતે સર્કલ પોલીસ ઈન્સ્પેકટરનાઓ આ કામના આરોપી લાલજી લટીયાભાઈ રાઠવાનાઓને પોલીસ કોન્સ્ટેબલ, બકલ નં.૧૯૬ નાઓ સાથે મેડીકલ ચકાસણી અર્થે મોકેલેલા.** તેઓએ આરોપીને તે જ દિવસે તપાસેલા જેનો એમ.એલ.સી. નંબર ૧૪૬/૨૦૨૧ છે. જે કેસ પેપર રજુ કરતા આંક-૩૧ થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. તેઓએ આરોપીને બનાવ સંબંધે પૂછેલ તો તેણે જે હિસ્ટ્રી જણાવેલ છે તેઓએ આંક-૧૭ વાળા કેસ પેપર્સમાં લખી લીધેલી. તેઓએ આરોપીની બાહય તથા આતંરીક તપાસ કરેલી તથા જરૂરી સેમ્પલો એકત્ર કરેલા.

આરોપીની બાહ્યતપાસ કરતાં ૧. શરીરનો બાંધો સામાન્ય હતો. ૨. શરીર ઉપર કોઈ ઈજાના નીશાન ન હતા. ૩. તેના પલ્સ, બીપી નોર્મલ હતુ અને તપાસ દરમિયાન સહકાર આપતા હતા. આરોપીની આંતરીક તપાસ કરતાં ૧. ગુપ્ત ભાગમાં કોઈ ઈજા ન હતી. ૨. પ્યુબીક હેરની હાજરી હતી. ૩. જનનાંગ સંપૂર્ણ વિકસિત હતું. તેઓએ પૃથક્કરણ માટે મુજબના નમુના એકત્ર કરેલા. જેમાં ૧. નખ, ૨. લાળ, ૩. બ્લડ (એક સેમ્પલ), ૪. પ્યુબીક હેર, ૫. સીમેન (વીર્ય)ના નમુના એકત્ર કરી તેનુ સીલીંગ અને પેકીંગ કરી એફ.એસ.એલ., વડોદરા ખાતે મોકલવા પોલીસ કોન્સ્ટેબલને આપેલ. જે યાદી આંક-૩૨ થી રજુ છે. તેઓએ આરોપીની મેડીકલ ચકાસણી કરેલ તે બાબતનું સર્ટીફીકેટ તેઓના સ્વહસ્તાક્ષરમા તૈયાર કરી તેમાં તેઓએ સહી અને સિકકો કરેલ જે સર્ટીફિકેટ આંક-૩૩ થી રજુ છે. સદરહું આરોપીની મેડીકલ ચકાસણી ઘણા સમય પહેલા કરેલ હોય તેઓને તેઓ હાલ ઓળખી શકે નહી. તેઓએ આરોપીની મેડીકલ ચકાસણી કરી તે દરમ્યાન જે સેમ્પલો એકત્રીત કરેલ તે બતાવવામાં આવતા ''માર્ક-એફ''ના પેકેટમાંથી જે સેમ્પલો નિકળેલ છે તે આરોપીના લીધેલા સેમ્પલો છે જે તે જ છે. આ ઉતરાંત આરોપીની મેડીકલ ચકાસણી દરમ્યાન તેઓના કપડાની ચકાસણી કરતા તેઓના કપડા ઉપર કોઈ લોહી કે વિર્યના ડાઘા કે નીશાન જોવા મળેલા નહી.

**૧૪.૨)** આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીએ કોઈ હિસ્ટ્રી જણાવેલ નહી અને તેઓએ તેઓની રીતે પોલીસ પેપર્સના આધારે લખી લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર આરોપી લાલજીભાઈ લટીયાભાઈ રાઠવાનાઓની જ શારીરીક ચકાસણી કરેલી.

**૧૪.૩)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૩૪ થી ડો.**

**અનીલ સરદારસિંહ ધાકર, કે જેઓ મેડીકલ ઓફીસર છે તેણીએ ભોગ બનનારની મેડીકલ ચકાસણી કરેલ છે.** તેણીએ જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તારીખ:૧૨/૦૨/૨૦૧૮ છોટાઉદેપુર જનરલ હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હાજર હતા અને તે વખતે એ.એસ.આઈ વી એ રાઠવા સાહેબે યાદી સાથે વુમન પોલીસ કોન્સ્ટેબલ બકલ નં. ૯૧૯ નાઓને ભોગબનનાર લઈને મેડીકલ ચકાસણી અર્થે મોકલેલા. જેમાં મારી રીસીવ કર્યા બદલની સહી છે જેને આંક–૩૫ થી રજુ છે. **ભોગબનનારને તે જ દીવસે તપાસેલા બનાવ સંબંધે હીસ્ટ્રી પૂછલી. તો તેણીએ જણાવેલ કે, તા ૧૯/૧૨/૨૦૧૭ ના રોજ લાલજીભાઈ નટીયાભાઈ રાહવાનાએ ભોગબનનારને એવુ કહીને રાજકોટ લઈ ગયા હતા કે ત્યાં મજૂરી કરશે તો તેણીને વધારે પૈસા મળશે. ત્યાં રાજકોટ ખાતે આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ ત્રણથી ચાર વખત સંભોગ કરેલ હતો.** તેઓએ આ કામના ભોગબનનારની ચકાસણી કરતા પહેલા તેણીના કપડાની ચકાસણી કરતા તેણીના કપડા પર લોહીના કે વીર્યના ડાઘ/ નીશાન જણાયેલ નહીં ત્યાર બાદ ભોગબનનારની બાહ્ય તથા આંતરીક શારીરીક તપાસ કરેલી તથા જરૂરી સેમ્પલો એકત્ર કરેલા જેની વિગત નીચે મુજબ છે. બાહ્યતપાસ: (૧) તેણીની ઓળખ સંબંધમાં ડાબા હાથ ઉપર અંદરની તરફ કાળા તલનું નિશાન જોવા મળેલું અને ડાબા હાથના કાંડાના ભાગે જુનું વાગેલાનું નિશાન હતુ. (૨) શરીર ઉપર કોઈ ઈજાના નીશાન ન હતા. (૩) તેના પલ્સ, બીપી નોર્મલ હતુ અને તપાસ દરમિયાન સહકાર આપતી હતી. આંતરીક તપાસ: (૧) પ્યુબીક હેરની હાજરી હતી. (૨) શરીર સંપૂર્ણ વિકસીત હતુ. (૩)તેણીને કોઈ પણ જાતનો સ્ત્રાવ જોવા મળેલ નહી.(૪) તેણીનો પ્રેગ્નેન્સી ટેસ્ટ નેગેટીવ હતો. તેઓએ પૃથક્કરણ માટે નીચે મુજબના નમુના એકત્ર કરેલા.(૧) નખ (૨) લાળ (૩) બ્લડ (૪) પ્યુબીક હેર (૫) વજાઈનલ સ્વેબ અને

સ્મીયર (૬) વજાનઇનલ સ્મીયર. આ નમુના એકત્ર કરી તેનુ સીલીંગ અને પેકીંગ કરી એફ.એસ.એલ., વડોદરા ખાતે મોકલવા સારૂ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં થી આવનારને સોંપેલા. તેઓએ ભોગબનનારની મેડીકલ ચકાસણી કરેલ તે બાબતનું સર્ટીફીકેટ તેઓના સ્વહસ્તાક્ષરમા તૈયાર કરેલ. જે સર્ટીફિકેટ તેઓની સહી અને સિકકો છે. જે ઓળખી બતાવેલા જેને આંક-૩૫ થી રજુ છે. **તેઓના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારના શરીર ઉપર કોઈ જોર જબરજસ્તી થઈ હોય તેવા કોઈ નિશાન હતા નહી.** તેઓએ ભોગબનનારને વધુ તપાસ માટે રીફર મેમો સાથે એસ.એસ.જી.,વડોદરા ખાતે રીફર કરેલા.

**૧૪.૪)** આરોપી તરફે કરવામાં આવેલી **ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનારની ચકાસણી દરમ્યાન તેણીના બાહય ભાગ ઉપર બળજબરીથી થઈ હોય તેવા કોઈ ઈજાના ચિન્હો/નિશાન જોવા મળેલ નહી.** એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનારનું શરી વિકસીત હતુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કોઈ વસ્તુનો પ્રતિકાર કરવા માટે તેણીની સક્ષમ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ભોગબનનારે તેઓને કોઈ હિસ્ટ્રી જણાવેલ નથી અને તેઓએ પોલીસ યાદી પ્રમાણે લખી લીધેલ છે.

**૧૪.૫)** વધુમાં ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૩૮ થી ડો. મંડાર વિષ્ણુ સરાટે, કે જેઓ ગાયનેકોલોજીસ્ટ છે તેણીએ ભોગ બનનારની વધુ મેડીકલ ચકાસણી કરેલ છે.** તેણીએ જુબાનીમાં જણાવેલ છે કે, તેણી તારીખ ૧૩/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ જબુગામ સી.એચ.સી. ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે ફરજ પર હાજર હતો તે વખતે તેઓની ફરજ પર હાજરી દરમીયાન જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુરથી ભોગબનનારને વધુ તપાસ માટે મોકલેલા તેઓએ ભોગબનનારને તે જ દીવસે તપાસેલા

ભોગબનનારની તેઓએ તપાસતા પહેલા હિસ્ટ્રી પુછેલી અને તેઓએ જે હિસ્ટ્રી લખાવેલી તે તેઓએ મેડીકો લીગલ ફોર્મના કોલમ ૧૫ (એ) માં લખી લીધેલી. તે વખતે ભોગબનનારે શારીરીક તપાસણી કરવા માટે સંમતિ આપેલ હતી. તેણીની તે વખતે ઉંમર ૧૫ વર્ષની હતી. તેણીને પૂછતા તેની માસિકની છેલ્લી તા: ૧૯/૦૧/૨૦૧૮ હતી. તેણીને માસિકની શરૂઆત ૧૩ વર્ષની ઉંગરે થયેલી. અગાઉ તેણીને કોઈ ગર્ભપાત કે કોઈ અન્ય ઓપરેશન કરાવેલ ન હતું. તેણીની યુરીન પ્રેગ્નેન્સી ટેસ્ટ નેગેટીવ હતો. **તેઓની શારીરીક તપાસ કરતા તેઓના લેબીયા મેજોરા, લેબીયા માઈનોરા, વલવા માં કોઈ સોજા કે ઈજાના ચિન્હ જણાયેલ ન હતુ અને તેઓનું પેરેનીયમ નોરમલ હતુ પરંતુ તેઓનુ ફોરસેટ તૂટેલું હતુ અને હાઈમેન તુટેલુ હતુ. વેજાઈના, સર્વિકસ અને એનસ ઉપર કોઈ ઈજા ના ચિન્હ જણાયેલ નહી. ભોગબનનારે પોતાના બચાવમાં કોઈ પ્રતિકાર કરેલ હોય અને તેના કારણે ભોગબનનાર ના શરીર ઉપર કોઈ ઈજા થયેલ હોય, તેવું જણાયેલ નહી મારા અભિપ્રાય પ્રમાણે Secondary sexual character of the victim was normal According to the (Tanner staging)**. તદઉપરાંત **વેજાઈનલ એકઝામીનેશન દરમ્યાન ભોગબનનારના ગુપ્ત ભાગે આંતરિક કોઈ ઈજાઓ જોવા મળેલ નહી અને ગુપ્તભાગના વાળ ઉપર કોઈ શંકાસ્પદ પ્રવાહીની કે લોહીની હાજરી જોવા મળેલ નહી.** ભોગબનનારને ઉપર મુજબ તપાસ્યા બાદ તેઓએ ગાઈનેક ડોકટર તરીકે સારવાર સર્ટીફિકેટ આપેલ જેમાં તમામ વિગતો તેઓના સ્વહસ્તાક્ષરમાં ભરવામાં આવેલ છે અને તેમાં નીચે તેઓની સહી તથા હોદ્દા નો સિકકો છે. સદર પ્રમાણપત્ર ની વિગત સાહેદ ઓળખી બતાવતા હોય અને સદર પ્રમાણ પત્ર ખુદ સાહેદ દવારા ઈસ્યુ કરવામાં આવેલ હોય, જે આંક-૩૯ થી રજુ છે.

**૧૪.૬)** આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં **એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનાર આંતરીક તપાસ દરમ્યાન ગુપ્ત ભાગમાં કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, યોનીપટલ તૂટવાના ઘણા બધા કારણો હોઈ શકે,** એ વાતનો ઇન્કાર કરેલ છે કે, ભોગબનનારની ઉંમર તેના કહ્યા પ્રમાણે લખી લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ભોગબનનાર તેઓની પાસે તપાસ કરાવવા આવેલી તે વખતે તે પોતાનું સ્કૂલ લીવીંગ સટીફીકેટ લઈને આવેલી તે બાબતનો તેઓએ તેઓના સર્ટીફીકેટમાં કયાય ઉલ્લેખ કરેલ નથી.

**૧૪.૭) <u>તબીબશ્રીઓની જુબાનીનું મુલ્યાંકન :-</u>**

કહેવાતો બનાવ તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ ભોગબનનાર સાથે બનેલો તેમજ ભોગબનનાર મેડીકલ ચકાસણી તા.૧૨/૦૨/૨૦૧૮ ના રોજ થયેલી તેમજ ભોગબનનારને વધુ ચકાસણી માટે ગાયનેકોલોજીસ્ટને રીફર કરતા તા.૧૩/૦૨/૨૦૧૮ ના રોજ ભોગબનનારની વધુ તપાસ થયેલી અને તે સમયે તબીબશ્રીઓના અભિપ્રાય પ્રમાણે ભોગબનનારના શરીર ઉપર કોઈ જોર જબરજસ્તી થઇ હોય તેવા કોઈ નિશાન હતા નહી. સદર કામે લગભગ બે મહીના પછી ભોગબનનારની મેડીકલ ચકાસણી થયેલી ત્યારે ભોગબનનારના શરીર ઉપર કોઈ નિશાન ન હોય તે સ્વાભાવિક છે. ફરિયાદપક્ષે તપાસેલ ઉપરોક્ત ડૉક્ટરશ્રીઓની જુબાની ધ્યાને લઈએ તો ભોગબનનારે જણાવેલી હીસ્ટ્રી સિવાય અન્ય કોઈ જ હકીકત ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી જણાતી નથી. વધુમાં આરોપી દ્વારા જે હીસ્ટ્રી આપવામાં આવેલ તે વખતે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા માટે આરોપી દ્વારા ગુનાની કબુલાત સ્વરૂપે આપેલ હીસ્ટ્રી એવીડન્સ એક્ટની કલમ-૨૬ મુજબ ગ્રાહ્ય ગણાય નહી. વધુમાં, આ સાહેદોની ઉલટતપાસ જોતાં આરોપી તરફે એ દર્શાવવા પ્રયત્ન કરેલ છે કે, ભોગ બનનારે

કોઇ પ્રતિકાર કરેલ નથી તેથી સંમતિનો કિસ્સો છે, પરંતુ આ કિસ્સામાં બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની હોય ભોગબનનારની સંમતિનો પ્રશ્ન અસ્થાને છે. આ હકીકત આરોપી વિરૂદ્ધ જાય છે કારણ કે સંમતિના કારણસર આરોપીને કોઇ લાભ મળતો નથી.

**૧૫) <u>તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો :-</u>**

**૧૫.૧)** વધુમાં ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૪૦ થી સાહેદ નં. ૮ તપાસ કરનાર અમલદાર કીરીટકુમાર પ્રવિણકુમાર ગામેતી**નાઓ ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં પોતાની ફરજ દરમ્યાન જે જે કામગીરી કરેલ છે તેની વિગત જણાવેલી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તા.૧૪/૦૭/૨૦૧૮ ના રોજ છોટાઉદેપુર મુકામે પી.આઇ. તરીકેની ફરજ બજાવતો હતો તે સમયે એમ કેસ ૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ: ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનાની તપાસ એ.એસ.આઇ. વી.એ. રાઠવા નાઓએ કરેલી દરમ્યાન છોટાઉદેપુર પો. સ્ટે. નો ચાર્જ મળતા તપાસ તેઓએ સંભાળી લીધેલી. ત્યાર બાદ તપાસના કામે અમોએ સાહેદ અંબુભાઈ કલીયાભાઈ રાઠવા ઉ.વ.૪૭, સાહેદ સુવીબેન વા/ઓ અંબુભાઈ કલીયાભાઈ શકવા, સાહેદ મહેશભાઈ કલીયાભાઈ રાઠવા, સાહેદ મદીબેન વા/ઓ મહેશભાઈ કલીયાભાઈ રાઠવા, સાહેદ કાલુભાઈ કલીયાભાઈ રાઠવા, સાહેદ નાનકીબેન વા/ઓ કાલુભાઈ કલીયાભાઈ રાઠવા, સાહેદ રાજુભાઈ અંબુભાઈ કલીયાભાઈ રાઠવા, નાઓના ફરીયાદ અનુસંધાને નિવેદન લીધેલા. ત્યારબાદ તેઓની બદલી થતા તપારા સી.કે.નીનામા સાહેબ ને સોંપેલી. ઉપરોકત જણાવ્યા મુજબ ની કામગીરી તેઓએ તપાસ દરમ્યાન કરેલી. આ સિવાય અન્ય કોઇ કામગીરી કરેલ નહી.

**૧૫.૨)** આરોપી તરફે સદરહું તપાસ કરનાર અમલદારશ્રીની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તપાસ સંભાળી ત્યારે ફરીયાદી ની ફરીયાદ વચાણે લીધેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ સદર ફરીયાદ અંબુભાઈ કલીયાભાઈ રાઠવા નાઓએ આપેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે કોઈ ફરીયાદ આપેલ હોય અને તે ફરીયાદ અમારી તપાસ માં તેઓના વાંચવામાં આવેલ હોય તેવું બનેલ નહી.. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અંબુભાઈ કલીયાભાઈ નો વધારા નો જવાબ તેઓએ લીધેલો અને તેમાં તેઓએ "લાલજી લટીયા ઘરે હાજર ન હતો પરંતુ તેની પત્ની હાજર હતી અને તેને પૂછતા તેણીએ જણાવેલ કે ગઈ કાલનો તેનો પતિ(લાલજી લટીયા) ક્યાંક ગયેલ છે અને આવેલ નથી તેવી કોઇ હકીકત લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઈ પણ કોગ્નીઝેબલ ગુનાની જાહેરાત કોઈ પણ પો.સ્ટે. માં થાય તો તેની નોંધ કોઈ પો. કર્મચારી તેની નોંધ કરેજ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન છોટાઉદેપુર પો.સ્ટે. માં આ ગુના ની કોઈ કોગ્નીઝેબલ ગુના ની નોંધ પડી હોય તેવું જાણવા મળેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન ભોગબનનારના જન્મ અંગેની નોંધ અંગે કોઈ ખાતરી કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદો ના નિવેદન તેઓએ તેઓની પૂછપરછ કર્યા વગર જાતે લખી લીધેલ.

**૧૫.૩)** વધુમાં ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૪૧ થી સાહેદ નં. ૦૯ તપાસ કરનાર અમલદાર ચીરાગભાઈ કાંતીલાલ નિનામા** નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં પોતાની ફરજ દરમ્યાન જે જે કામગીરી કરેલ છે તેની વિગત જણાવેલી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯ માં છોટાઉદેપુર મુકામે ઈન્ચાર્જ પી.આઇ. તરીકેની ફરજ બજાવતો હતો

તે સમયે છોટાઉદેપુર પો. સ્ટે. એમ કેસ નં.૦૨ /૨૦૧૮, ઇ.પી.કો. કલમ: ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટ ૪, ૬ મુજબના ગુનાની તપાસ છોટાઉદેપુર ઈન્ચાર્જ પી. આઇ. તરીકે તેઓને સોંપવામાં આવેલી. તેઓએ તપાસ સંભાળ્યા બાદ ચીફ જયુડી મેજી. સાહેબશ્રી, છોટાઉદેપુરનાઓને સી.આર.પી.સી. ની કલમ: ૧૬૪ નું નિવેદન લેવા માટે યાદી કરેલી. જે આંક-૪૨ થી રજુ છે. તેઓએ૦ તપાસ દરમ્યાન ભોગબનનારના કપડા તથા સેમ્પલો કબજે કરી એફ.એસ.એલ.મા મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલી, જેની નકલ તપાસના કામે સામેલ રાખેલ જે આંક-૪૩ થી રજુ છે. મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલતા તેઓએ મુદ્દામાલ સ્વીકારી મુદ્દામાલ મળ્યાની પહોંચ આપેલી, જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આંક-૪૪ થી રજુ છે. ત્યાર બાદ પી.આઈ શ્રી જે.કે. પટેલનાઓ ફરજ પર હાજર થતાં આગળની તપાસ તેઓએ તેઓને સોંપેલી.

**૧૫.૪)** આરોપી તરફે સદરહું તપાસ કરનાર અમલદારશ્રીની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેઓની તપાસ દરમ્યાન ભોગબનનારનું સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ હેઠળ નિવેદન લેવા માટે યાદી કરેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ભોગબનનારના કપડા તથા સેમ્પલો એફ.એસ.એલ. માં મોકલવા સારૂ રવાનગી નોંધ તૈયાર કરેલી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારના કપડા તેઓ રૂબરૂ કબજે કરવામાં આવેલ નથી.

**૧૫.૫)** વધુમાં ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં **આંક-૫૦ થી સાહેદ નં. ૧૨ તપાસ કરનાર અમલદાર જીતેન્દ્રકુમાર કનુભાઇ પટેલ**નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં

પોતાની ફરજ દરમ્યાન જે જે કામગીરી કરેલ છે તેની વિગત જણાવેલી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓ ૨૦૨૧ માં છોટાઉદેપુર મુકામે પી.આઇ. તરીકેની ફરજ બજાવતો હતો આ સમયે છોટાઉદેપુર પોલીસ સ્ટેશાન એમ કેસ નં.૦૨/૨૦૧૮, ઇ. પી.કો. કલમ–૩૬૩લ ૩૬૬, ૫૦૪, ૫૦૬(૨) તથા પોકસો એકટ ૩, ૪, ૧૬ મુજબના ગુનાની તપાસ છોટાઉદેપુર પી.એસ.ઓ દવારા એ.એસ.આઈ વિકમભાઈ અભેસીગભાઇ, બકલ નં.૪૧ નાઓને સોંપતો હુકમ કરેલો. જે કુકમ આંક–૫૧ થી રજુ છે. ત્યાર બાદ છોટાઉદેપુર એડી.સેશન્સ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમની યાદી જાવક નં. ૧૩૨/૧૮ થી સદર કેસની ઈન્કવાયરી કેસ નં.૨/૧૮ બાબતે યાદી કરવામાં આવેલી જે તપાસના કામે સામેલ રાખેલ, જે આંક–૫૨ થી રજુ છે. તપાસના કામે આરોપી લાલજીભાઈ લટીયાભાઈનાઓ મળી આવતા નજીકમાંથી બે પંચો મેળવી આરોપીની શરીરસ્થિતિ અને કપડા કબજે કર્યા અંગેનું પંચનામું કરવામાં આવેલ. જે આંક–૪૫ વાળું આરોપીની શરીરસ્થિતિ અને કપડા કબજે કર્યા અંગેનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. તેઓએ તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ એફ એસ એલ માં મોકલવા સારૂ વાનગી નોંધ તૈયાર કરેલી. જેની નકલ તપાસના કામે સામેલ રાખેલ, જે રવાનગી નોંધ આંક–૫૩ થી રજુ છે. મુદ્દામાલ એફ એસ એલ.માં મોકલતા તેઓએ મુદ્દામાલ સ્વીકારી મુદ્દામાલ મળ્યાની પહોંચ આપેલી, જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. જે આંક–૫૪ થી રજુ છે. મુદ્દામાલ પૃથ્થકરણ થયા બાદ તેઓએ ફોર્વડીંગ છેટર સાથે તેઓના પોલીસ સ્ટેશનમા આવતા તેઓએ કોર્ટમાં મોકલી આપેલ જેને કોર્ટ કેસ પેપર્સમાંથી ફોવડીંગ લેટર તથા એફ.એસ.એલ રીપોર્ટ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે જે તેજ છે. જે કુલ પાના ૦૮ ને સયુકત દાખલ આંક ૫૫ થી રજુ છે. આરોપીને કોર્ટમાં ઓળખી બતાવે છે. તેઓએ આ કામે તમામ કેસ

પેપર્સના અભ્યાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતા ચાર્જશીટ કરેલું.

**૧૫.૬)** આરોપી તરફે સદરહું તપાસ કરનાર અમલદારશ્રીની ઉલટ તપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કેસની તપાસ સંભાળી ત્યારે કેસના તમામ પપસેના અભ્યાસ કરેલો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ પેપર્સમાં ભોગબનનાર ક્યારે, ક્યાંથી અને કોની પારસેથી મળી આવી તે અંગેનું કોઈ પંચનામું કર્યું હોય તેવું મારા ધ્યાનમાં આવેલ નહી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ના હોવા છતાં તેના વિરુધ્ધ ખોટો કેરા ઉભો કરી ખોટું ચાર્જશીટ કરેલ છે.

**૧૫.૭) <u>તપાસ કરનાર અમલદારશ્રીઓની જુબાનીનું મુલ્યાંકન :-</u>**

તપાસ કરનાર અમલદારશ્રીઓની જુબાની વંચાણે લેતા તેઓએ તેમની ફરજના ભાગરૂપે તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ, તપાસ કરનાર અમલદારશ્રીઓએ તેમણે કરેલ કામગીરી મુજબ જુબાની આપી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે.

## ૧૬) <u>સંયુક્ત પુરાવાની ચર્ચા :-</u>

**૧૬.૧)** સદર કામે ફરિયાદ વિલંબ અંગે જોઈએ તો સદર બનાવ તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ ભોગબનનાર મોડે સુધી તેના ઘરે આવેલ નહીં અને ત્યારબાદ ભોગબનનારના ઘરના સદસ્યોએ તેણી અંગે તપાસ કરતા અને ત્રણેક દીવસ પછી ભોગબનનાર તેના ઘરે પરત આવી બનાવની જાણ તેના ઘરે કરેલી, જે અંગે ભોગબનનાર તેમજ તેના કુટુંબીજનોને આઘાત લાગેલ અને સમાજમાં તેઓની ઈજ્જત આબરૂ ન જાય તે હેતુથી તેમજ આરોપીએ મારી નાખવાની ધમકી આપેલી હોય તેઓએ ફરિયાદ વિલંબથી કરેલ છે, જે અંગે ફરિયાદીએ બનાવ અંગેની ફરિયાદ સૌપ્રથમ પી.એસ.આઇ.શ્રી

છોટાઉદેપુર પોલીસ સ્ટેશન, ડી.એસ.પી.શ્રી છોટાઉદેપુરનાઓને આર.પી.એ.ડી.થી લેખિતમાં તા.૨૯/૧૨/૨૦૧૭ ના રોજ જાણ કરેલી અને ત્યારબાદ અત્રેની અદાલતમાં તા.૧૮/૦૧/૨૦૧૮ ના રોજ લેખિત ફરિયાદ દાખલ કરેલી, જેમાં નામ.કોર્ટે સદર ફરિયાદ ક્રી.પ્રો.કોડ કલમ–૧૫૬(૩) મુજબ છોટાઉદેપુર પોલીસ સ્ટેશનને તપાસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આમ, સદર ગુનામાં વિલંબથી દાખલ થયેલ ફરિયાદ અંગેના કારણો વ્યાજબી અને યોગ્ય છે. વધુમાં, આરોપીપક્ષે સદર ફરિયાદ વિલંબથી દાખલ થયેલ છે તે અંગે કોઈપણ જાતનો વાંધો–વિરોધ લેવામાં આવેલ હોય તેવું રજુ થયેલ પુરાવા પરથી જણાય આવતું નથી.

**૧૬.૨)** આરોપી સામે ફરમાવેલ તહોમતનામાની હકીકત સાબીત કરવા ફરીયાદપક્ષે આ કામે **કુલ–૧૩ સાહેદો**ને તપાસવામાં આવેલ છે. આ કામે સામાન્ય રીતે બાળકની જાતીય સતામણીના ગુનામાં ભોગ બનનાર મુખ્ય સાક્ષી ગણાય અને તેમાં ભોગ બનનારનો પુરાવો માનવા લાયક, વિશ્વાસ લાયક હોય તો માત્ર ભોગબનનારના પુરાવાને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. જેથી ભોગ બનનારનો પુરાવો મહત્વનો બની રહે છે. આ કેસ ભોગબનનારની જુબાની પર વધારે નિર્ભર છે તેથી અત્યંત અગત્યના સાક્ષીના પુરાવાના મૂલ્યાંકનની શરૂઆત કરીએ તે પહેલાં પુરાવાનું પૃથક્કરણ અને મૂલ્યાંકન કરતી વખતે અદાલતે કયા પાસાને ધ્યાનમાં રાખવા જોઈએ તે સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટે તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ પ્રસ્થાપિત કરેલાં કેટલાંક પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેવાં જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**R/Criminal Appeal No. 934 Of 2018, Ranjanben Maheshbhai Vasava vs State Of Gujarat Dt.18/03/2019 (THE HIGH COURT OF GUJARAT)**

44. In Narender Kumar Vs. State (NCT of Delhi), (2012) 7 SCC 171, the Apex Court had held that minor or insignificant inconsistencies, discrepancies or contradictions in the statement of prosecutrix are inconsequential. However, if the statement of the prosecutrix suffers from serious infirmities, inconsistencies and deliberate improvements on material points, no reliance can be placed thereon. It has further been held that the onus of proof is on the prosecution to establish each ingredient of the offence beyond reasonable doubt on the basis of cogent evidence and materials on record. **The sole testimony of the prosecutrix can be relied upon for the purpose of conviction without any corroboration if the same inspires confidence**, **but if the court finds it difficult to accept the version of the prosecutrix on its face value, it may look for corroboration by other evidence, direct or circumstantial. The Court must appreciate the evidence in its totality with utmost sensitivity. It was held:** "20. It is a settled legal proposition that once the statement of prosecutrix inspires confidence and is accepted by the court as such, conviction can be based only on the solitary evidence of the prosecutrix and no corroboration would be required unless there are compelling reasons which necessitate the court for corroboration of her statement. Corroboration of testimony of the prosecutrix as a condition for judicial reliance is not a requirement of law but a guidance of prudence under the given facts and circumstances. Minor contradictions or insignificant discrepancies should not be a ground for throwing out an otherwise reliable prosecution case. 21. A prosecutrix complaining of having been a victim of the offence of rape is not an accomplice after the crime. Her testimony has to be appreciated on the principle of probabilities just as the testimony of any other witness; a high degree of probability having been shown to exist in view of the subject matter being a criminal charge. However, if the court finds it difficult to accept the version of the prosecutrix on its face value, it may search for evidence, direct or substantial, which may lend assurance to her testimony. (Vide: Vimal Suresh Kamble v. Chaluverapinake Apal S.P. & Anr.,AIR 2003 SC 818; and Vishnu v. State of Maharashtra, AIR 2006 SC 508) The basic principle is when allegations of rape are made ordinarily, the evidence of prosecutrix should be believed and should be evaluated at par with that of an injured person but when the statement appears to be not convincing and creates doubts about its veracity the Courts should have to look for corroboration from some source. "

Normally, no girl or her parents would come forward to make humiliating statement against the honour of the girl, therefore, the evidence of the prosecutrix and her parents should not be discarded lightly. The testimony of the victim in case of sexual

offence is vital and unless there are compelling reasons which necessitated looking for corroboration of her statement , the Court should find no difficulty to act on the testimony of the victim of sexual assault.

CONVICTION BASED ON SOLE TESTIMONY OF VICTIM**:**

**CRIMINAL APPEAL NO. 1520 OF 2021**

**PHOOL SINGH Versus The State of Madhya Pradesh DECEMBER 01, 2021.(SC)**

5.1 At the outset, it is required to be noted that in the present case, the prosecutrix has fully supported the case of the prosecution. She has been consistent right from the very beginning. Nothing has been specifically pointed out why the sole testimony of the prosecutrix should not be believed. Even after thorough cross-examination, she has stood by what she has stated and has fully supported the case of the prosecution. We see no reason to doubt the credibility and/or trustworthiness of the prosecutrix. The submission on behalf of the accused that no other independent witnesses have been examined and/or supported the case of the prosecution and the conviction on the basis of the sole testimony of the prosecutrix cannot be sustained is concerned, the aforesaid has no substance.

In the case of Ganesan (supra), this Court has observed and held that there can be a conviction on the sole testimony of the victim/prosecutrix when the deposition of the prosecutrix is found to be trustworthy, unblemished, credible and her evidence is of sterling quality.

**Child Witness:**

**State of Madhya Pradesh v. Ramesh & Anr., (2011) 4 SCC 786,** after considering a large number of its judgments the Hon’ble Supreme Court came to the conclusion as under:

**"In view of the above, the law on the issue can be summarized to the effect that the deposition of a child witness may require corroboration, but in case his deposition inspires the confidence of the court and there is no embellishment or improvement therein, the court may rely upon his evidence. The evidence of a child witness must be evaluated more carefully with greater circumspection because he is susceptible to tutoring. Only in case there is evidence on record to show that a child has been tutored, the Court can reject his**

**statement partly or fully. However, an inference as to whether child has been tutored or not, can be drawn from the contents of his deposition."**

**<u>Sterling witness:</u>**

**2020 0 AIR(SC) 985, SANTOSH PRASAD @ SANTOSH KUMAR –VERSUS THE STATE OF BIHAR**

1.In the case of Rai Sandeep alias Deepu (supra), this Court had an occasion to consider who can be said to be a “sterling witness”. In paragraph 22, it is observed and held as under: “22 In our considered opinion, the “sterling witness” should be of a very high quality and calibre whose version should, therefore, be unassailable. The court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness. What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the initial statement and ultimately before the court. It should be natural and consistent with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a position to withstand the cross-examination of any length and howsoever strenuous it may be and under no circumstance should give room for any doubt as to the factum of the occurrence, the persons involved, as well as the sequence of it. Such a version should have co-relation with each and every one of other supporting material such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said version should consistently match with the version of every other witness. It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all other such similar tests to be applied, can it be held that such a witness can be called as a “sterling witness” whose version can be accepted by the court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and material objects should match the said version in material particulars in order to enable the court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the

offender guilty of the charge alleged.”

**૧૬.૩)** **આમ, નામદાર સુપ્રીમ કૉર્ટે રાય સંદીપ ઉર્ફે દીપુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી. 2012(0)AIJEL-SC-52006ના કેસમાં તા.૦૭-૦૮-૨૦૧૨** ના રોજ આપેલ ચુકાદો જોતાં ભોગબનનારની જુબાની સ્ટર્લિંગ ક્વોલીટી ન હોય તો અને અન્ય સમર્થક પુરાવો રેકર્ડ પર ન હોય તો આરોપીને બળાત્કારના ગુનામાં દોષીત ઠરાવવો યોગ્ય ગણાય નહી તે મતલબનો ચુકાદો આપેલ છે. વધુમાં **નામદાર સુપ્રીમ કૉર્ટે હાજી ઇકબાલ @ બાલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ ક્રિમિનલ અપીલ નંબર ૨૩૪૩/૨૦૨૩ ના કેસમાં તા.૦૮-૧૦-૨૦૨૩** ના રોજ આપેલ ચુકાદાને ધ્યાને લઇએ તો નામદાર સુપ્રીમ કૉર્ટે નોંધેલ છે કે કોઇપણ મહીલા પર બળાત્કારની ઘટના બને છે ત્યારે તેવી મહીલાની પીડા વર્ણવી શકાતી નથી પરંતું જ્યારે કોઇ મહીલા દ્વારા બળાત્કારનો ખોટો આક્ષેપ મુકવામાં આવે છે ત્યારે તેટલી જ પીડા આરોપીના ભાગમાં પણ આવતી હોય છે.

**૧૬.૪)** ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી ભોગબનનારની જુબાનીનું પુનઃમુલ્યાંકન કરીએ તો આરોપી ભોગબનનારના કૌટુંબિક કાકા છે અને જેથી આરોપી અને ભોગબનનાર એકબીજાને ઓળખે છે તે અંગે કોઇ તકરાર નથી. વધુમાં, ભોગબનનારના જણાવ્યા મુજબ આરોપી લાલજીભાઇ નટીયાભાઇ રાઠવાનાએ ભોગબનનારને એવું કહીને રાજકોટ લઇ ગયા હતા કે, ત્યાં મજૂરી કરશે તો તેણીને વધારે પૈસા મળશે. ત્યાં રાજકોટ ખાતે આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુદ્ધ સંભોગ કરેલો હતો.'' ભોગબનનાર તેણીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષની મહત્વની હકીકતોને વળગી રહેલ છે. આમ, ભોગબનનારના જણાવ્યા મુજબ આરોપીએ તેણીને પોતાની સાથે લઇ જઇ ભોગબનનારની સાથે શારીરિક સંબંધ બાંધેલ હોવાની

હકીકતને ભોગબનનારની જુબાનીથી પુરેપુરૂ સમર્થન મળે છે. તેમજ ભોગબનનારે પોતાની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગબનનારની સાથે બળજબરીપુર્વક આરોપી દ્વારા શરીર સંબંધ બાંધવામાં આવેલ. આમ સમગ્ર રીતે જોતાં આ કિસ્સામાં આરોપી ભોગબનનારને એવું કહીને રાજકોટ લઈ ગયા હતા કે, ત્યાં મજૂરી કરશે તો તેણીને વધારે પૈસા મળશે. ત્યાં રાજકોટ ખાતે આરોપીએ ભોગબનનાર સાથે તેણીની મરજી વિરુદ્ધ સંભોગ કરેલો હતો.તે હકીકત સ્પષ્ટ ફલીત થાય છે, ભોગબનનાર સાથે આરોપીએ શરીર સંબંધ બાંધેલ છે તે હકીકતનું પણ ખંડન થતું નથી. આમ, ભોગબનનારની જુબાનીની હકીકતો આધારભુત અને વિશ્વસનીય જણાય છે.

**૧૬.૫)** આમ, આરોપીએ ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તીથી શારીરિક બળાત્કાર–સંભોગ કરી ઉગ્ર પ્રવેશ જાતિય પ્રવેશ હુમલો કરેલ છે અને આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધ ભોગબનનાર સાથે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫માં દર્શાવ્યા મુજબ બળાત્કારનો ગુનો કર્યાનો આરોપ સાબીત થાય છે તે જ રીતે પોક્સો એક્ટની કલમ–૦૩ તથા ૦૫ માં દર્શાવ્યા મુજબ આરોપીએ ભોગબનનાર સાથે ઉગ્ર જાતીય પ્રવેશ કરેલ છે તે આક્ષેપો પણ સાબીત થાય છે. આમ, **ફરિયાદપક્ષે આંક–૨૪ થી (પી.ડબલ્યુ નંબર–૦૨) ભોગબનનારની જુબાનીથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો વ્યાજબી શંકારહિત સાબીત કરેલ છે તેવું સ્પષ્ટપણે ફલિત થાય છે.**

**૧૬.૬)** ફરિયાદપક્ષે તપાસેલા ઉપરોક્ત તમામ પુરાવાઓને ધ્યાનમાં રાખી તેનું પૃથક્કરણ અને મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ મેડિકલ ઓફીસરશ્રીઓને તપાસેલા છે અને તેમની જુબાનીમાં ભોગબનનારે બનાવની જે હીસ્ટ્રી જણાવેલ છે જે રેકર્ડ પર

આવેલ છે. જે હીસ્ટ્રીની વિગતો જોતાં આરોપી ભોગબનનારને લઇ ગયેલ અને તેણીની સાથે અવારનવાર શરીર સંભોગ કરેલ તે હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૧૬.૭)** ભોગબનનાર બનાવ સમયે ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની વય ધરાવતા હતા તે અંગે મુદ્ધા નંબર–૦૧ માં અગાઉ વિગતવાર ચર્ચા કરી અને સ્પષ્ટ તારણ હકારમાં આપવામાં આવેલ છે. ભોગબનનારની જન્મ તારીખ અંગે શ્રી નિલેશભાઇ વિઠ્ઠલભાઇ સુથાર, આચાર્ય, શ્રી શાંગો પટેલ ઉચ્ચતર ઉત્તર બુનીયાદી વિધાલય, ઝોઝનાઓને તપાસીને ભોગબનનારની જન્મ તારીખ સાબીત કરવામાં આવેલ છે. આમ તે તમામ દસ્તાવેજી આધાર પુરાવાથી ભોગબનનારની જન્મ તા.૦૨–૦૨–૨૦૦૨ની હોવાનું વ્યાજબી શંકારહિત સાબીત થયેલ છે. આમ ભોગબનનાર બનાવ સમયે ૧૮ વર્ષ કરતાં ઓછી વય ધરાવતા હોવાનું આ કેસમાં સ્પષ્ટપણે સાબીત થયેલ છે.

**૧૬.૮)** આમ, આરોપી ભોગબનનારને પોતાની સાથે રાજકોટ લઇ ગયેલ છે અને બળજબરી પુર્વક અવારનવાર શરીર સંબંધ બાંધેલ છે. આ સમય ગાળા દરમ્યાન આરોપીએ ભોગબનનારને તેના વાલીને પરત સોપવાનો કોઈ જ પ્રયત્ને કરેલ નથી કે ભોગબનનારે તેના ઘરે પરત મુકવાનો કોઇ જ પ્રયત્ન કરેલ નથી કે ભોગબનનારના કુદરતી વાલીની સંમતી મેળવેલ નથી તેવું સ્પષ્ટપણે સાબીત થાય છે.

**૧૬.૯)** આમ, ભોગબનનારની જુબાની જોઇએ તો આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ છે તેવું તેણીએ વિગતવાર વર્ણવેલ છે. ડૉક્ટર સમક્ષની હીસ્ટ્રીમાં પણ ભોગબનનારે એ હકીકતનો વિગતવાર ઉલ્લેખ કરેલ છે કે, આરોપીએ તેણીની સાથે શરીર સંબંધ બાંધેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં ભોગબનનારે જણાવેલી હકીકતોનું ખંડન થાય તેવા કોઇ જ સવાલ પુછવામાં આવેલા નથી.

**૧૬.૧૦)**આ તબક્કે પોક્સો એક્ટની કલમ–૨૯ને ધ્યાને લેવી એટલી જ જરૂરી છે કે જેમાં જોગવાઇ કરવામાં આવેલ છે કે, જ્યાં, કોઇ વ્યક્તિને આ અધિનિયમની કલમ–૦૩, ૦૫, ૦૭ અને ૦૯ અન્વયેના ગુનાને કરવામાં અથવા તેના દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે, તે આરોપી વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવામાં આવે ત્યારે, જ્યાં સુધી વિરૂધ્ધનું સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી સ્પેશ્યલ કૉર્ટ દ્વારા એવું માની લેવામાં આવશે કે તે આરોપીએ યથાપ્રસંગે તેની ઉપર મુકવામાં આવેલ આરોપ મુજબનો ગુનો કરેલ છે કે ગુનાનું દુષ્પ્રેરણ કરેલ છે કે ગુનો કરવાનો પ્રયત્ન કરેલ છે.

**૧૬.૧૧)**વધુમાં, પોક્સો એક્ટની કલમ–૨૯ કેવા સંજોગોમાં લાગુ પડે તે સંબંધે **નામદાર ગુજરાત હાઇકૉર્ટે લાલજીભાઇ કાળાભાઈના** કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જોઇએ તો ફરિયાદ પક્ષ કાનૂનિ રીતે એડમિશિબલ હોય એવાં એવિડન્સથી આરોપો સાબીત કરે તો ફરિયાદપક્ષની તરફેણમાં અનુમાન ઉત્પન્ન થાય છે અને ત્યારબાદ તેવાં આરોપોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે. જે ચુકાદાના મહત્વના અંશો નિચે મુજબ છે.

**2020 0 CrLJ 1851; 2020 2 GLR 1521, Laljibhai Kadabhai Algotar Versus State of Gujarat - (GH)**

7.5 Once the foundation of the prosecution case is laid by leading legally admissible evidence, it becomes incumbent on the accused to establish from the evidence on record that he has not committed the offence or to show from the circumstances of a particular case that a man of ordinary prudence would most probably draw an inference of innocence in his favour. The accused may achieve such an end by leading defence evidence or by discrediting prosecution witnesses through effective cross- examination or by exposing the patent absurdities or inherent infirmities in their version by an analysis of the special features of the case. However, the aforesaid statutory presumption cannot be read to mean that the prosecution version is to be treated as gospel truth in every case. The presumption does not take away the essential duty of the Court to

analyze the evidence on record in the light of the special features of a particular case, e.g. patent absurdities or inherent infirmities in the prosecution version or existence of entrenched enmity between the accused and the victim giving rise to an irresistible inference of falsehood in the prosecution case while determining whether the accused has discharged his onus and established his innocence in the given facts of a case.

7.6. There can be no doubt that there is an initial presumption which favours the complainant. Section 29 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of deterrent effect of the Act.

7.7. When there had been a prosecution for offence punishable under Section 4, the Special Court concerned, shall presume that such person has committed the said offence unless the contrary is proved. Therefore, once a charge has been laid against the person under the aforesaid provisions of the POCSO Act, the actual presumption shall be against the accused unless the accused proved the contrary. Therefore, the burden of proving the contrary against the statutory presumption under Section 29 of the POCSO Act shall lie only on the shoulder of the accused. Unless he rebuts the same by disproving such presumption, the statutory presumption shall always be against such accused.

**૧૬.૧૨)**આ સંજોગોમાં આરોપી વિરૂધ્ધ પોક્સો એક્ટની કલમ–૨૯ મુજબનું અનુમાન ઉત્પન્ન થાય છે. જેથી બચાવપક્ષની એ ફરજ બને છે કે તેમની વિરૂધ્ધ ઉત્પન્ન થયેલા અનુમાનનું તેઓ ખંડન કરે. અગાઉ ચર્ચા કરી તેમ પોક્સો એક્ટની કલમ–૨૯ ધ્યાને લેતાં જયારે કોઇ વ્યક્તિએ પોક્સો એક્ટની કલમ–૦૩, ૦૫, ૦૭ અને કલમ–૦૯ અન્વયેના ગુન્હો કરવાના અથવા તો દુષ્પ્રેરણ કરવા સબબ કાનુની કાર્યવાહી ચાલતી હોય ત્યારે જ્યાં સુધી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી અદાલત એવું માની લેશે કે વ્યક્તિએ ગુન્હો કરેલ છે અગર તો દુષ્પ્રેરણ કરેલ છે અથવા ગુન્હો કરવાનો પ્રયત્ન કરેલ છે. પ્રસ્તુત કિસ્સામાં આરોપી વિરૂધ્ધ ભોગબનનાર ઉપર પોક્સો એક્ટની કલમ–**૦૪, ૦૬** મુજબ ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરવાના આક્ષેપ છે. આ કિસ્સામાં ભોગબનનાર બનાવ

સમયે સગીર વયના હતા તેવું સાબીત થયેલ છે અને ભોગબનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીએ તેણીની સાથે અવારનવાર શરીર સંબધ બંધાયેલ તેવી વિગતો જણાવેલ છે. આમ ભોગબનનારના તે પુરાવાથી આરોપી વિરૂધ્ધ પોક્સો એકટની કલમ–૨૯ મુજબનું અનુમાન ઉત્પન્ન થાય છે. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગબનનારે જણાવેલી હકીકતોનું ખંડન થતું નથી. વળી આરોપીએ પોતાના બચાવમાં જાતે જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાક્ષી પુરાવા તપાસેલા નથી. આ સંજોગોમાં આરોપી તે પોક્સો એકટની કલમ–૨૯ અન્વયે ઉત્પન્ન થયેલા અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૧૬.૧૩)**અત્રેની અદાલત એ બાબતે અત્યંત સંવેદનશીલ છે કે, સમાજમાં નાનાં બાળકોનાં જાતીય શોષણના બનાવ દિન–પ્રતિદીન વધી રહેલ છે તેમાં પણ આવાં બાળકોનાં નજીકના સંબંધી દ્વારા આચરવામાં આવતાં જાતીય હુમલાના બનાવો પણ અવાર નવાર બનતાં રહે છે માટે આવાં બનાવોમાં અદાલતે સહેજ પણ ઉદાર વલણ દાખવવાનું હોય નહી. વળી, ભોગબનનાર તે પણ નાની બાળા હોય તો તેની વેદનાને સમજવા માટે ઉચ્ચ કોટીની સંવેદનાની પણ જરૂર પડે છે. બળાત્કારના કિસ્સામાં જાતીય હુમલો થયા પછી પીડીતા તેની ઉપર સહન કરેલ પીડાઓને કેટલીય વાર વર્ણવવા માટે મજબુર બને છે. પ્રથમ તે માતા–પિતા પાસે વર્ણન કરે છે તે પછી પોલીસ તેણીની પુછપરછ કરે ત્યારબાદ મેજીસ્ટ્રેટ સમક્ષ સઘડી હકીકતનો પુનરોચ્ચાર કરવો પડે અને ત્યારપછી સરકારી વકીલ સમક્ષ વળી એ બધી જ અણગમતી યાદોને પીડીતાએ ફરી તાજી કરવી પડે અને અંતે કૉર્ટ સમક્ષ ફરી પોતાની પીડા ગાય. આમ જે દુર્ભાગ્ય પુર્ણ ક્ષણોને કોઈ ક્યારેય યાદ કરવા ન ઈચ્છે તે ક્ષણોને પીડીતા વખતો વખત વાગોળવી પડે અને વારંવાર દુઃખી થવું પડે. આમ આ પ્રકારના કેસો એક વિશિષ્ટ

સંવેદના સિવાય નિર્ણત કરવા શક્ય નથી. આમ આ પ્રકારના કેસોની ઇનસાફી કાર્યવાહીમાં વિશિષ્ટ સંવેદનશીલતા હોવી અનીવાર્ય બને છે. સાથો સાથ ભોગબનનાર કુમળી વયની છે માટે તે બોલે છે તે બધું જ સત્ય છે તેવું આંખ બંધ કરીને માની પણ ન શકાય. બચાવપક્ષે ઉલટતપાસની એરણ ઉપર ભોગબનનારે જણાવેલ તથ્યોને ચકાસ્યા હોય અને તેમાંથી જે નિષ્કર્ષ નીકળેલ હોય તેને નેકલક્ષ્યે રાખીને જ અદાલતે નિરક્ષીર ભાવે ચુકાદો આપવાનો થાય. આમ કોઈપણ પ્રકારના ભાવાવેશમાં આવ્યા વગર કે ભાવનામાં વહ્યા વગર તટસ્થ ભાવે પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૬.૧૪)**બચાવપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નામદાર દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો માનપૂર્વક વંચાણે લેતા અને હાથ ઉપરની કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા હાલના કેસમાં ભોગબનનારની ઉંમર માત્ર ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની કુમળી બાળકી છે જે ફરિયાદપક્ષે શંકારહીત પુરાવાથી ઉપરોક્ત ચર્ચા કરી તેમ સાબિત કરેલ છે. તેમજ સદર ચુકાદામાં જણાવેલ હકીકત અને સંજોગો અને હાથ ઉપરના કેસની હકીકતો અને સંજોગો તદન અલગ હોય ઉપરોક્ત ચુકાદો હાલના કેસમાં આરોપીને મદદરૂપ કરતા નથી તેવુ મારૂ નમ્ર પણે માનવું છે.

**૧૬.૧૫)**આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૧ ધ્યાને લઇએ તો કોઈપણ ૧૮ વર્ષથી ઓછી વયની સ્ત્રીને તેના કાયદેસરના વાલીની સંમતી વિના લઇ જવામાં આવે તો આ સગીર વ્યક્તિનું તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કર્યું કહેવાય. ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩માં આવા અપહરણ માટે શિક્ષાની જોગવાઇ કરવામાં આવેલી છે. આમ, ભોગબનનાર પોતાની જાતે જ ઘરેથી નીકળી આરોપી સાથે આવેલા છે તેવું આ કિસ્સામાં માની લઇએ

તો પણ ભોગબનનારની નાજુક ઉંમર જોતાં અને તેણીની અપરીપકવ સમજણ જોતાં આરોપીએ તેણીને પોતાની સાથે લઇ જવાને બદલે તેના વાલીને પરત સોપવી જોઇતી હતી. આરોપીએ ભોગબનનારને પોતાના ઘરે પરત મોકલવાનો કે વાલીને જાણ કરવાનો કોઇ પ્રયાસ કરેલ નથી.

**૧૬.૧૬)** આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ના ગુનાના આક્ષેપ છે. આ તબક્કે સદર કલમ વંચાણે લઇએ તો કોઇ સ્ત્રીને તેની ઇચ્છા વિરૂધ્ધ કોઇ સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઇરાદે અથવા તો આવી ફરજ પાડવામાં આવશે તેવા સંભવ સાથે કે લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના ઇરાદે અપહરણ કે અપનયન કરવામાં આવે તો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ મુજબનો ગુનો બને. ભોગબનનારની જુબાની જોવામાં આવે તો આરોપી નાએ ભોગબનનારનું અપહરણ કરી તેણીની સાથે અવારનવાર શારીરિક સંબંધ ભોગવેલ છે આમ રેકર્ડ પર આવેલ પુરાવો જોતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ મુજબના આરોપો અને તેના આવશ્યક તત્વો વ્યાજબી શંકારહિત સાબીત જણાય છે. વળી આરોપીએ ભોગબનનાર સગીર વયની ઉંમર હોવાનું જાણવા છતાં તેણીની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ છે તેવું પુરવાર થતું હોય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૫ માં બળાત્કારની જે વ્યાખ્યા આપેલ છે તે મુજબ આરોપીએ ભારતીય દંડ સંહિતની કલમ–૩૭૬ મુજબ બળાત્કારનો ગુનો કરવા બદલ દોષીત જણાય છે. આરોપીએ ભોગબનનાર સગીર હોવા છતાં તેણીની સાથે પ્રવેશ જાતિય હુમલો કરેલ છે અને ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરેલ છે તેમજ તેણીનું યોન શોષણ કરી જાતિય હુમલો પણ કરેલ છે. **આમ, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા ધી પોક્સો એકટની કલમ–૦૪, ૦૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યાનું વ્યાજબી**

**શંકારહિત સાબીત થાય છે.**

**૧૬.૧૭)** સબબ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરિયાદપક્ષ તરફે ઈ.પી.કો.ની કલમ–૫૦૪ બાબતનો પુરાવો જોઈએ તો, ફરિયાદપક્ષે એટલું પુરવાર કરવું પડે કે આરોપીએ ઈરાદાપૂર્વક અપમાન કરેલ અને તેમ કરી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતા હતા અને તે વખતે આરોપી જાણતા હતા કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરમાં સુલેહ શાંતિનો ભંગ કરી બેસશે અથવા ગુનો કરશે. આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લેતા તેમાં ક્યાંય પણ ફરીયાદી કે અન્ય કોઈ પણ સાહેદોએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીએ ફરીયાદી કે સાહેદોને કયા શબ્દો બોલીને તેમનું ગુનાહિત અપમાન કરેલું તે બાબતે કોઈ હકીકતો જણાવેલ નથી. આમ, હાલના કેસમાં ફરિયાદપક્ષ ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબનો ગુનો હાલના આરોપીએ કરેલ હોવાનું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**૧૬.૧૮)**આ કામમાં આરોપી સામે આઈ.પી.સી.ની કલમ ૫૦૬(૨) નો પણ આક્ષેપ છે. તે સંજોગોમાં ફરિયાદપક્ષ તરફથી સદર ગુનાની કલમોમાં જણાવ્યા મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાના હોય છે. જે મુજબના ગુનાના આવશ્યક તત્વો પરિપૂર્ણ થતા હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે બાબતે પુરાવાનું મૂલ્યાંકન કાયદાની સ્થાપિત જોગવાઈ સાથે વંચાણે લેવી જરૂરી જણાઈ આવે છે, જે સરળતા માટે નીચે દર્શાવેલ છે:

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજા:**

૧. આરોપીઓએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યક્તિમાં હિત ધરાવતી હોય તેના શરીર

અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બદ્ધ ન હોય તેવું કૃત્ય કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ કે સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્ર્ય હીનતા નો આક્ષેપ કરવા અંગેની હતી.

**૧૬.૧૯)**કાયદાની ઉપરોક્ત કલમમાં કરવામાં આવેલ જોગવાઈ અંતર્ગત આરોપીએ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનો ફરિયાદપક્ષ નો આક્ષેપ છે તે બાબતે રેકોર્ડ જોવામાં આવે તો આ કામે ફરિયાદપક્ષના અગત્યના અને મહત્વના સાક્ષી એવા આ કામના સાહેદ નં.૨ તરીકે ભોગબનનારે તેઓની જુબાનીમાં આરોપીએ તેણીની સાથે ખોટું કામ એટલે કે જબરજસ્તી કરેલી અને ત્યારબાદ તેણીને ધાકધમકી આપેલી અને કોઈને કહેતી નહીં તેમ કીધેલું. આ સિવાય ફરિયાદી કે કોઈપણ અન્ય સાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપવાનું કહેતા નથી. માત્ર ભોગબનનાર આરોપીએ ધાક ધમકી આપેલી તેટલા માત્ર કારણથી આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાનું કહી શકાય નહીં. **આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધ ઈ.પી.કો.ની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યાનું વ્યાજબી શંકારહિત પુરાવાથી સાબીત કરી શકેલ નથી. <u>જેથી મુદ્દા નંબર– ૦૨ તથા ૦૩ નો જવાબ અંશત:હકારમાં આપવામાં આવે છે.</u>**

## ૧૭) <u>મુદ્દા નંબર– ૦૪:–</u>

**૧૭.૧)** આમ આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ આંક–૦૮ વાળું તહોમતનામું અને તેમાં ઘડવામાં આવેલ આક્ષેપો વ્યાજબી શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ અંશત:સફળ રહેલ હોય **<u>મુદ્દા નંબર–૦૪ પરત્વે</u>** નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**– : આખરી હુકમ :–**

(૧) આ કામના **આરોપી– લાલજીભાઈ ઉર્ફે લટીયાભાઈ નટીયાભાઈ રાઠવા,** ઉ.વ. – ૩૯, ધંધો.– ખેત મજુરી, રહે.– વિરપુર, ડામર ફળીયા, તા.જી.છોટાઉદેપુરનાઓને **ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨)અન્વયે, વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ.કેસ નં. ૦૨/૨૦૧૮ થી ભારતીય દંડ સહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨ ની કલમ–૦૪, ૦૬ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.**

(૨) સદર કામ આરોપીને સજા અંગે સાંભળવા પર મુલત્વી.

**આ હુકમ આજરોજ તારીખ '૦૧ લી' માહે ઓગષ્ટ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ :– છોટાઉદેપુર
તારીખ :૦૧/૦૮/૨૦૨૬

**(જસપ્રીતસીંગ ગુરુમુખસીંગ બગ્ગા)**
**સ્પેશીયલ જજ (પોકસો કોર્ટ)**
**છોટાઉદેપુર**
**જીજે ૦૦૬૬૭**

**<u>સજા અંગે હુકમઃ–</u>**

૧૮) ફરિયાદપક્ષે વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરશ્રી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રીને સાંભળ્યા.

૧૯) ફરિયાદપક્ષે વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરશ્રીની મુખ્યત્વે એવી રજૂઆત છે કે, બનાવ સમયે આરોપી પરિણીત અને ૩૮ વર્ષની ઉંમરના હતા. આરોપી ભોગબનનારના કૌટુંબિક કાકા થાય છે. આરોપી ભોગ બનનાર સગીર વયની એટલે કે ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની કુમળી બાળકીને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી પટાવી, ફોસલાવી અપહરણ કરી ભગાડી રાજકોટ ખાતે લઈ જઈ ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તીથી શારીરિક બળાત્કાર સંભોગ કરી ઉગ્ર પ્રવેશ જાતિય પ્રવેશ હુમલો કરી ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ. ભવિષ્યમાં સમાજમાં આવા કૃત્યો આચરતાં અન્ય વ્યક્તિઓ ગભરાય તે માટે દાખલો બેસાડવા માટે આરોપીને મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ. આરોપીની સજા બાબતે ઉદાર વલણ દાખવવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર ઉભી થશે અને ગુનેગારોને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને તેથી ભવિષ્યમાં આવા ગંભીર પ્રકારના ગુના આચરતા અટકાવવા માટે આરોપીને મહત્તમ સજા ફરમાવવી જોઈએ.

૨૦) આરોપી તરફે વિદ્વાન વકીલની એવી રજૂઆત છે કે, આરોપી ગરીબ પરિવારના છે અને તેના ઉપર તેનો પરીવાર આશ્રિત છે. આરોપીને જો મહત્તમ સજા કરવામાં આવે તો તેની તેના કુટુંબના માણસો ઉપર અસર ઉભી થાય, તે સંજોગોમાં આરોપીને ફરમાવેલી સજા તેના કુટુંબના માણસોને થાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે જેથી આરોપીને ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. વધુમાં તેમની દલીલ એવી છે કે આરોપીનાઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી

તેમજ આરોપીની ઉંમર તથા આરોપીના ભવિષ્યને ધ્યાને લઈ આરોપી ફરીથી સમાજમાં રોજીંદુ જીવન ગુજારી શકે અને તેનું સમાજમાં પુન:સ્થાપન થાય તે માટે આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

**૨૧)** બંને તરફ તેની રજૂઆત તથા કેસનું રેકર્ડ ધ્યાનમાં લીધું આરોપી સામે **ભારતીય દંડ સહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ–૨૦૧૨ ની કલમ–૦૪, ૦૬** મુજબનો ગુન્હો શંકારહીત સાબિત થયેલ છે. વળી આ બનાવ ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૭૬માં ક્રીમીનલ એમેન્ડમેન્ટ એક્ટ–૨૨/૨૦૧૮, તા.૨૧/૦૪/૨૦૧૮ના સુધારા પહેલા બનેલો બનાવ છે. પ્રસ્તુત બનાવ તારીખ:– ૧૯/૧૨/૨૦૧૭ ના રોજ બનેલો છે, તે જોતાં પોક્સો એમેન્ડેડ એક્ટ ૨૫/૨૦૧૯ કે જે તા.૧૬/૦૮/૨૦૧૯ થી અમલમાં આવેલ છે. તે પહેલા આ ગુનો બનેલ હોય સદર એમેન્ડેડ એક્ટ આ કેસમાં લાગુ પડતો નથી. આમ, એમેન્ડેડ એક્ટ તા.૧૬/૦૮/૨૦૧૯ થી અમલમાં આવ્યો તે પહેલાની કાનુની પરીસ્થિતિને ધ્યાને લેવાની રહે છે.

વધુમાં આ તબક્કે **નામદાર સુપ્રિમ કૉર્ટે Sumersinh v/s Surajbhan** ના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૧૪(૭) સુપ્રિમ **કૉર્ટ કેસિસ પેજ નંબર–૩૨૩**ના કેસમાં આપેલ ચુકાદાના પેરા–૩૬ ધ્યાનમાં લઈએ તો તે નિચે મુજબ છે.

"36. Having discussed about the discretion, presently we shall advert to the duty of the court in the exercise of power while imposing sentence for an offence. It is the duty of the court to impose adequate sentence, for one of the purposes of imposition of requisite sentence is protection of the society and a legitimate response to the collective conscience. The paramount principle that should be the guiding laser beam is that the punishment should be proportionate. It is the answer of law to the social conscience. In a

way, it is an obligation to the society which has reposed faith in the court of law to curtail the evil. While imposing the sentence it is the Court's accountability to remind itself about its role and the reverence for rule of law. It must evince the rationalized judicial discretion and not an individual perception or a moral propensity. But, if in the ultimate eventuate the proper sentence is not awarded, the fundamental grammar of sentencing is guillotined. Law cannot tolerate it; society does not withstand it; and sanctity of conscience abhors it. The old saying "the law can hunt one's past" cannot be allowed to be buried in an indecent manner and the rainbow of mercy, for no fathomable reason, should be allowed to rule. True it is, it has its own room, but, in all circumstances, it cannot be allowed to occupy the whole accommodation. The victim, in this case, still cries for justice. We do not think that increase in fine amount or grant of compensation under the code would be a justified answer in law. Money cannot be the oasis. It cannot assume the centre stage for all redemption. Interference in manifestly inadequate and unduly lenient sentence is the justifiable warrant, for the Court cannot close its eyes to the agony and anguish of the victim and, eventually, to the cry of the society. Therefore, striking the balance we are disposed to think that the cause of justice would be best subserved if the respondent is sentenced to undergo rigorous imprisonment of two years apart from the fine that has been imposed by the learned trial Judge."

વધુમાં આ તબક્કે **નામદાર સુપ્રિમ કૉર્ટે નવાબુદ્દીન વિરુધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરાખંડના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૨૨ (૦) એઆઈજેઈએલ–સુપ્રિમ કૉર્ટ.–૬૮૩૫૩ criminal Appeal No. 144 of 2022** ના કેસમાં તારીખ ૦૮/૦૨/૨૦૨૨ના રોજ આપેલ ચુકાદાના પેરા–૧૦ ધ્યાનમાં લઈએ તો તે નિચે મુજબ છે.

10. Keeping in mind the aforesaid objects and to achieve what has been provided under Article-15 and 39 of the Constitution to protect children from the offences of sexual assault, sexual harassment, the POCSO Act, 2012 has been enacted. Any act of sexual assault or sexual harassment to the children should be viewed very seriously and all such offences of sexual assault, sexual harassment on the children have to be dealt with in a stringent manner and no leniency should be shown to a person who has committed the offence under the POCSO Act. By awarding a suitable punishment commensurate with the act of sexual assault, sexual harassment, a message must be conveyed to the society at large that, if anybody commits any offence under the POCSO Act of sexual assault, sexual harassment or use of children for

pornographic purposes they shall be punisheds suitably and no leniency shall be shown to them. Cases of sexual assault or sexual harassment on the children are instances of sperverse lust for sex where even innocent children are not spared in pursuit of such debased sexual pleasure.

**૨૨)** વધુમાં, **નામદાર સુપ્રીમ કૉર્ટે સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ વિરૂધ્ધ સોનુ કુશવાહા, ક્રીમીનલ અપીલ નંબર-૧૬૩૩/૨૦૨૩ ના કામે તા.૦૫-૦૭-૨૦૨૩ ના** રોજ આપેલ ચુકાદો ધ્યાને લઈએ તો પોક્સો એક્ટ અન્વયેના ગુનામાં આરોપીને દોષીત માનવામાં આવે ત્યારે તે કાયદામાં ઠરાવેલ ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરી શકાય નહી અને આ કાયદામાં સજા કરતી વખતે ઉદાર વલણને કોઈ જ સ્થાન નથી.

**૨૩)** હાલના કેસમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩ તથા ૩૬૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે અપહરણ થયેલ હોવાનું પુરવાર કરવાનું રહે છે અને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો થયેલાનું પુરવાર કરવા માટે અપહરણ ઉપરાંત ભોગબનનારની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવાની લાલચે પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ જઈને તેવી ભોગબનનારને ફરજ પાડવામાં આવે અથવા ભોગબનનારને બળથી ફરજ પાડવામાં આવે કે તે ગેરકાયદેસર સંભોગ કરે અથવા ગેરકાયદેસર સંભોગ માટે કોઈપણ સ્થળેથી જવા લલચાવવામાં આવે અથવા ગેરકાયદેસર સંભોગ માટે લલચાવવામાં આવી શકે છે તેમ જાણીને અપહરણ કરવામાં આવેલ હતું તે પુરવાર કરવાનું રહે છે. આમ, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩ મુજબના શિક્ષાપાત્ર ગુના માટેનું અપહરણનું કૃત્ય એ કલમ-૩૬૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કૃત્યનો ભાગ છે. આ સંજોગોમાં,

ભારતીય દંડ સંહિતાની કલમ–૭૧ ની જોગવાઈ જોતાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૬ ના ગુનામાં સજા ફરમાવવામાં આવે તો કલમ ગુનામાં સજા ફરમાવી શકાય નહીં. આમ, આ સંજોગોમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ અને કલમ–૩૬૬ એમ બંને ગુનામાં અલગ અલગ સજા ફરમાવી શકાય નહીં.

**૨૪)** વધુમાં, આરોપીનાઓને પોકસો એકટની કલમ–૪ અને ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. પોકસો એકટની કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે પ્રવેશ જાતીય હુમલો થયેલ હોવાનું પુરવાર કરવાનું રહે છે અને પોકસો એકટની કલમ–૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો થયેલાનું પુરવાર કરવા માટે ગંભીર પ્રવેશ જાતીય હુમલો પુરવાર કરવાનું રહે છે. આમ, કલમ–૩ માં પ્રવેશ જાતીય હુમલાને વ્યાખ્યાયીત કરેલ છે જયારે કલમ–૫ માં પ્રવેશ જાતીય હુમલાને કેટલાક કિસ્સામાં ગંભીર સ્વરૂપના ગણી ઉગ્ર પ્રવેશ જાતીય હુમલાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ છે. આમ, કલમ–૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો બનવા માટે પ્રથમ કલમ–૩ મુજબ પ્રવેશ જાતીય હુમલો થયાનું પુરવાર કરવાનું રહે છે. આ સંજોગોમાં કલમ–૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો એ કલમ–૬ મુજબ શિક્ષાપાત્ર ગુનાનો ભાગ ગણાય અને તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૭૧ ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને પોકસો એકટની કલમ–૬ ના ગુનામાં સજા ફરમાવવામાં આવે તો કલમ–૪ ના ગુનામાં સજા ફરમાવી શકાય નહીં. આમ, આ સંજોગોમાં આરોપી નાઓને પોકસો એકટની કલમ–૬ અને કલમ–૪ એમ બંને ગુનામાં અલગ અલગ સજા ફરમાવી ના શકાય.

**૨૫)** વધુમાં, આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન

ઠરાવવામાં આવેલ છે. ભારતીય દંડ સંહિતા ની કલમ ૩૭૬ મુજબ એક જ સ્ત્રી સાથે અવાર નવાર બાળાત્કાર ગુજારવામાં આવેલ હોય તો આ જોગવાઈને આધિન આરોપી શિક્ષાને પાત્ર બને છે. તેવી જ રીતે ૧૬ વર્ષથી નીચેની વયની સ્ત્રી સાથે બળાત્કાર કરેલ હોય તો તે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ મુજબ આરોપીને શિક્ષાને પાત્ર બને છે. તેમજ પોકસો એકટની કલમ–૪ સાથે કલમ ૩(એ)વાંચતા પોતાનું લીંગ કોઈપણ સીમા સુધી કોઈપણ બાળકનાં યોનિ માર્ગ, મોઢામાં, મુત્રમાર્ગમાં અથવા ગુદામાં પ્રવેશ કરાવે અથવા બાળક દ્વારા પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે આવુ કૃત્ય કરાવવાનુ કૃત્ય આચરવામાં આવેલ હોય તો પોકસો એકટની કલમ–૬ સાથે કલમ–૪ મુજબ આરોપી શિક્ષાને પાત્ર બને છે. તેમજ પોકસો એકટની કલમ ૫(એલ) વાંચતા બાળક ઉપર એકથી વધુ વખત પ્રવેશ જાતીય હુમલો આચરવામાં આવેલ હોય તેમજ પોકસો એકટની કલમ–૬ મુજબ આરોપી શિક્ષાને પાત્ર બને છે.

**૨૬)** વધુમાં, આ કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. તે તમામ કલમની સજાની જોગવાઈ ધ્યાને લેતા પોકસો એકટની કલમ–૬ માં વધુ સજાની જોગવાઈ જણાઈ આવે છે. આ તબકકે પોકસો એકટની કલમ–૪૨ ની જોગવાઈ તથા જનરલ કલોઝીજ એકટની કલમ–૨૬ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

**૨૭)** **<u>જનરલ કલોઝીજ એકટની કલમ – ૨૬ નીચે મુજબ છે.</u>**

**કલમ ૨૬–** બે કે વધુ કાયદામાં શિક્ષાપાત્ર ગુના સંદર્ભેની જોગવાઈ– જયારે કોઈ કૃત્ય કે કાર્યલોપ બે કે વધુ કાયદામાં ગુનો બનતું હોય ત્યારે બે માંથી એક કે કોઈ પણ એક કાયદા હેઠળ ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે અને તેને શિક્ષા કરી શકાશે પરંતુ તે જ

ગુના માટે બે વખત શિક્ષા કરી શકાશે નહીં.

<u>**પોકસો એકટની કલમ – ૪૨ નીચે મુજબ છે.**</u>

૨૮) **કલમ ૪૨. વૈકલ્પિક શિક્ષા (Alternative punishment)**.– જયારે કોઈ કૃત્ય અથવા કાર્યલોપ આ અધિનિયમ અન્વયે શિક્ષાપાત્ર બનતુ હોય અને ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૬૬એ, ૩૫૪એ, ૩૫૪બી, ૩૫૪સી, ૩૫૪ડી, ૩૭૦, ૩૭૦એ, ૩૭૫, ૩૭૬, ૩૭૬એ, ૩૭૬એબી, ૩૭૬બી, ૩૭૬સી, ૩૭૬ડી, ૩૭૬ડીએ, ૩૭૬ડીબી, ૩૭૬ઈ, ૫૦૯ કે ઈન્ફોર્મેશન એકટની કલમ ૬૭બી અન્વયે પણ શિક્ષાપાત્ર બનતુ હોય ત્યારે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં, ગુનેગાર એવા ગુના માટે દોષિત જણાય આવે તો તે માત્ર ભારતીય દંડ સંહિતા અથવા આ અધિનિયમમાં જણાવવામાં આવેલી શિક્ષા કે જેની માત્રા વધુ છે, તે શિક્ષાને પાત્ર બનશે.

૨૯) આમ, જનરલ કલોઝીજ એકટની કલમ–૨૬, ભારતીય દંડ સંહિતાની કલમ–૭૧ અને પોકસો એકટની કલમ–૪૨ ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબ શિક્ષા પાત્ર ગુનામાં અલગ અલગ સજા ફરમાવી શકાય નહીં પરંતુ જે કાયદા ની કલમમાં વધારે સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય તે કલમ મુજબ સજા કરવાની રહે છે. આથી ઉપરોકત કલમોની જોગવાઈ માં સજાની જોગવાઈ જોવામાં આવે તો તમામ ગુનામાં સજાની જોગવાઈ અલગ અલગ છે. આમ, આ ગુનાઓમાં અલગ અલગ સજા ફરમાવી શકાય નહીં. આ તમામ કલમની સજાની જોગવાઈ જોવામાં આવે તો **પોકસો એકટની કલમ–૬ માં વધુ સજાની જોગવાઈ જણાઈ આવે છે.** જેથી તે મુજબ સજા ફરમાવવાની રહે છે. **વધુમાં, હાલનો બનાવ**

**તા.૧૯/૧૨/૨૦૧૭ ના રોજ બનેલો છે અને પોકસોના કાયદામાં તા. ૧૬/૦૮/૨૦૧૯ ના રોજ કલમ–૬ માં સજાની જોગવાઈ માં સુધારો કરવામાં આવેલ છે તે જોતાં હાલના કેસમાં આ સુધારા પહેલાની સજાની જોગવાઈ મુજબ હાલના આરોપીને સજા ફરમાવવાની રહે છે.**

**૩૦)** આ તબકકે ભોગબનનારને વળતર આપવા અંગેની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે. પોક્સો એક્ટની કલમ– ૩૩(૮) અને નિયમ–૯ ની જોગવાઈ ધ્યાને લેતા વિશેષ અદાલત ભોગબનનારને વળતર ચુકવવાનો આદેશ કરી શકે છે. આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતે (2019) 13 SCC 715 ઉપર પસિધ્ધ થયેલ "Nipun Saxena & Anr. Versus Union Of India & Ors." ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ વિશેષ અદાલત ભોગબનનારને વળતર આપવાના આદેશ વખતે નાલસા કોમ્પેનસેશન સ્કીમ વળતર અંગે ગાઈડ લાઈન તરીકે ઉપયોગમાં લઈ શકે છે. નાલસા વિકટીમ કોમ્પેનસેશન સ્કીમમાં આમ, પોકસો એકટની કલમ– ૩૩(૮) અને નિયમ–૯ ની જોગવાઈ જોતાં બળાત્કારના કેસમાં ઓછામાં ઓછા વળતરની મર્યાદા ચાર લાખ અને વધુમાં વધુ વળતરની મર્યાદા સાત લાખ દર્શાવેલી છે અને તે જ સ્કીમની કલમ–૯ (૭) માં એવી જોગવાઈ છે કે કારણો દર્શાવીને ઉપરોકત વધુમાં વધુ મર્યાદામાં પણ વધારો થઈ શકે છે, એટલે કે કારણો દર્શાવી વધુમાં વધુ વળતરની મર્યાદા કરતાં વધુ રકમ વળતર તરીકે અપાવી શકાય છે.

**૩૧)** હાલના કેસમાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪, ૬ મુજબનો ગુનો પણ સાબીત થયેલ છે અને બનાવ વખતે ભોગ બનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળક હતા અને તેના ઉપર કહેવાતો બળાત્કાર જેવો દુષ્કર્મ

થયેલ છે જે લક્ષ્યમાં **લેતા રૂા.૪,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પુરા) વળતર પેટે ભોગબનનારને ચુકવી આપવું** ન્યાયીક જણાય છે તેવું આ અદાલત માને છે.

**૩૨)** બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ એ હકીકત નોંધવી મહત્વની છે કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત પ્રમાણે આરોપીએ કરેલ ગુનાને સુસંગત તથા દાખલા સ્વરૂપ સજા ફરમાવવી જોઈએ અને જો તેમ કરવામાં ના આવે તો ન્યાયનો હેતુ જળવાઈ નહીં. તે સંજોગોમાં જ્યારે હાલના કેસમાં આરોપી કે જેની બનાવ સમયે ઉંમર ૩૮ વર્ષના અને પરિણીત પુરુષ છે અને ભોગબનનારના કૌટુંબિક કાકા થાય છે તેણે ફરિયાદીની સગીર વયની એટલે કે ૧૫ વર્ષ, ૧૦ માસ અને ૧૭ દિવસની કુમળી બાળકીને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી પટાવી, ફોસલાવી અપહરણ કરી ભગાડી રાજકોટ ખાતે લઈ જઈ ભોગબનનાર ઉપર અવારનવાર જબરજસ્તીથી શારીરિક બળાત્કાર સંભોગ કરી ઉગ્ર પ્રવેશ જાતિય પ્રવેશ હુમલો કરી ગુન્હો કરેલ હોય સદર કેસના સંજોગો અને હકીકતો ધ્યાને લઈ **મુદ્દા નંબર–૦૪** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –// આ ખ રી હુ ક મ //–

૧). આ કામના આરોપી, **લાલજીભાઈ ઉર્ફે લટીયાભાઈ નટીયાભાઈ રાઠવા,** ઉં.વ. – ૩૮, ધંધો.– ખેતીમજુરી, રહે.– વિરપુર, ડામર ફળિયા, તા.જી. છોટાઉદેપુરનાઓને **ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧)અન્વયે વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ કેસ નં.૦૨/૨૦૧૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવવામાં આવે છે.**

૨). આ કામના આરોપી, **લાલજીભાઈ ઉર્ફે લટીયાભાઈ નટીયાભાઈ રાઠવા,** ઉં.વ. – ૩૮, ધંધો.– ખેતીમજુરી, રહે.– વિરપુર, ડામર

ફળિયા, તા.જી. છોટાઉદેપુરનાઓને **ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૨)અન્વયે વિરૂધ્ધ છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ કેસ નં.૦૨/૨૦૧૮ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા બાળ જાતિય અપરાધ ધારા-૨૦૧૨ ની કલમ ૪, ૬ મુજબના ગુના સબબ દોષીત ઠરાવવામાં આવે છે.**

૩). આ કામના આરોપીને છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ કેસ નં.૦૨/૨૦૧૮ સબબ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩ તથા ૩૬૬ ના ગુનામાં** દોષિત ઠરાવીને આરોપીને **૦૭ (સાત) વર્ષની સખત કેદની સજા** તથા **રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** દંડ ભરવા આદેશ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ભરપાઈ ન કરે તો તેના બદલામાં વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો આદેશ કરવામાં આવે છે. **સદર દંડની રકમ ભોગબનનારને અપીલ સમય બાદ વળતર પેટે ચુકવી આપવી.**

૪). આ કામના આરોપીને છોટાઉદેપુર પોલીસ સ્ટેશન એમ કેસ નં.૦૨/૨૦૧૮ સબબ **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬ તથા પોકસો એકટની કલમ-૪, ૬ મુજબ**ના ગુનાઓ સબબ **પોકસો એકટની કલમ-૬** માં વધુ સજાની જોગવાઈ છે અને તેની સજાની જોગવાઈ ધ્યાને લેતા **૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે** અને જો દંડના ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. **સદર દંડની રકમ ભોગબનનારને અપીલ સમય બાદ વળતર પેટે ચુકવી આપવી.**

૫). વધુમાં વીકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે ભોગબનનારને વળતર પેટે **રૂા.૪,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ પુરા)** ચુકવવા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, છોટાઉદેપુરને દરખાસ્ત કરવામાં આવે છે. વધુમાં અરજદારને કોઇ વચગાળાની રાહત આપવામાં

આવેલ હોય તો તે મજરે આપવી.

૬). આરોપીને ફરમાવવામાં આવેલી તમામ સજા એક સાથે ભોગવવા આદેશ કરવામા આવે છે.

૭). ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ જ્યુડીશીયલ કસ્ટડીનો સમયગાળો આરોપીને મૂળ સજા સામે મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

૮). દંડની રકમ દરેક ગુન્હા મુજબ અલગ અલગ મળી કુલ રૂપિયા **રૂા.૧૫,૦૦૦/– ( અંકે રૂપિયા પંદર હજાર પુરા )** ભરવાના રહેશે.

૯). ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ જજમેન્ટની એક–એક નકલ વિના વિલંબે આરોપીને વિનામુલ્યે પુરી પાડવી. સદર જજમેન્ટની એક નકલ ભોગબનનારને વિનામૂલ્યે પૂરી પાડવી.

૧૦). ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ અન્વયે જજમેન્ટની પ્રમાણિત નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરને મોકલી આપવી તથા એક નકલ જીલ્લા કાનુની સેવાસત્તા મંડળ, છોટાઉદેપુરને સત્વરે મોકલી આપવી.

૧૧). અપીલ સમય વિત્યા બાદ સબબ કામે તમામ મુદ્ધામાલનો નાશ કરવો.

૧૨). આરોપીનું સજા વોરંટ ભરવું.

**આ હુકમ આજરોજ તારીખ '૦૧ લી' માહે ઓગષ્ટ– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ :– છોટાઉદેપુર
તારીખ :૦૧/૦૮/૨૦૨૬

**(જસપ્રીતસીંગ ગુરુમુખસીંગ બગ્ગા)**
**સ્પેશીયલ જજ (પોકસો કોર્ટ)**
**છોટાઉદેપુર**
**જીજે ૦૦૬૬૭**